# મહોબ્બતનામા..



...કિસ્સા..પાનાં..ફુલો..વાતો..યાદો..અધુરી..વેરવિખેર..ડિજીટાઇઝ્ડ..!

મહોબ્બતનામા | સાતત્ય

# અર્પણ

માતૃભાષા ગુજરાતી અને ઈન્ફોર્મેશન ટેકનોલોજીને..!

# આભારવિધીઓ અને સુચનાઓ

૧) કોઇ અલગ સ્પષ્ટતા કરવામાં ન આવે ત્યાં કોઇપણ વિભાગ/પેજ ઉપર, _ સાતત્ય/મહોબ્બતનામા _ જેવા શબ્દો સામુહિક રીતે સાતત્ય (saatatya.co.in)/મહોબ્બતનામા – નામના આ ઇલેક્ટ્રોનિક મેગેઝિનમાં ભાગ લેનારા વ્યક્તિઓ અને સિધાં કે પરોક્ષ રીતે સાતત્ય અને મહોબ્બતનામા સાથે સંકળાયેલા વ્યક્તિઓના સંદર્ભમાં જ કહેવાયું છે એમ સમજવું.

૨) અહિં લખાયેલા તમામ લખાણો જે તે વ્યક્તિ/લેખકના પોતાના હકો હેઠળ છે અને એમાં "સાતત્ય" સહમત/અસહમત હોઇ શકે છે.

૩) જે તે લખાણની સાથે મુકવામાં આવતાં કે પ્રદર્શિત કરાતાં ચિત્રો/ગ્રાફિક્સ

૩.૧) જે તે સંબધિત વ્યક્તિએ પોતાની મેળે , જે તે ચિત્રોના કોપિરાઇટ્સ હકોને ધ્યાનમાં રાખીને મેળવ્યા છે.

૩.૨) એ સિવાયના અમુક ચિત્રો "સાતત્ય" એ પોતે જે તે ચિત્રોના માલિકી હક ધરાવતાં વ્યક્તિઓ/સંસ્થાઓ પાસેથી મંજુરી મેળવી છે. અને લેનારી મંજુરીઓ/સહમતી એ જે તે સંસ્થાઓના આધિકૃત માધ્યમ (લિખિત/મૌખિક/ઇલેક્ટ્રોનિક) દ્વારા જ લેવામાં આવી છે.

૩.૩) જે તે અનુભવી ફોતોગ્રાફર અથવા વ્યક્તિઓએ પોતે લીધેલા ચિત્રો છે.

૪) આખા મહોબ્બતનામા – માં ગમે તે જગ્યાએ આવતાં/મુકાયેલા વનલાઇનર્સ/વાક્યો , ત્યાંજ આપેલા વ્યક્તિઓના નામે જ છે, એટલું "સાતત્ય" એ પોતાના તરફથી ચકાસ્યું છે. છતાં, છેવટની જવાબદારી/મંતવ્યો/સ્પષ્ટતા માટે જે તે વ્યક્તિ/લેખકોનો સંપર્ક કરી શકાય છે.

૫) "અહિ" , આ મહોબ્બતનામા – માં મુકાયેલાં/લેવાયેલા લખાણો , શક્ય છે કે, અહિંથી પહેલાં બિજી કોઇ જાહેર/ખાનગી જગ્યા/પુસ્તકો/બ્લોગ્સ/વેબસાઇટ્સ – ઉપર મુકાયેલા હોય. સાતત્યએ એ લખાણો જે તે વ્યક્તિની મંજુરી/સહમતી મેળવી છે.

૬) મહોબ્બતનામા – માં લખેલા/મુકાયેલા/લેવાયેલા લખાણો માટે કોઇ જ વ્યક્તિ કે લેખકોને કોઇપણ પ્રકારનું આર્થિક કે અન્ય પ્રકારનું વળતર આપવામાં આવેલ નથી. અને મહોબ્બતનામા કે/અને સાતત્યએ જે તે વ્યક્તિ/લેખક/ફોટોગ્રાફર પાસેથી કોઇપણ પ્રકારનું વળતર મેળવેલું નથી.

૭) અહિં ના લખાણો જે તે વ્યક્તિ/લેખકના સંપુર્ણ હક્કો સાથે મુકાયેલા છે. પણ, સમગ્રપણે આ "ઇલેક્ટ્રોનિક સ્વરૂપ" નું સંકલન/સંગ્રહ – ના તમામ હક્કો સાતત્ય (saatatya.co.in) ના રહે છે.

૮) મહોબ્બતનામા – ને એના "અત્યારના જ સ્વરૂપમાં" – વહેંચવાનિ/કોઇ ઓનલાઇન જગ્યાએ અપલોડ/હોસ્ટ/બેક-લિન્કિંગ – કરી શકવાની વાંચકોને પુરતી સ્વતંત્રતા છે.

૯) મહોબ્બતનામા –ના અત્યારના સ્વરૂપમાં કોઇપણ ફેરફાર કરવા અંગે , અથવા તો _નંબર ૮) _ માં જણાવ્યા સિવાયની કોઇ જ બિજી સ્વતંત્રતા મેળવવા/ઉપયોગ કરવા માટે , સાતત્યની "આગોતરી મંજુરી" લેવી જરૂરી છે. જે તે વ્યક્તિ/લેખક પોતાના જ લખાણો માત્ર –ના હકો વડે કોઇપણ નિર્ણય લઈ શકવા સ્વતંત્ર છે, પણ મહોબ્બતનામા – ના ઇલેક્ટ્રોનિક સ્વરૂપના તમામ હકો સાતત્ય – પાસે છે.

મહોબ્બતનામામાં લેવાયેલા અમુક ફોટોગ્રાફ્સ મિત્ર

_ હર્ષેન્દુ ઓઝા _

એ પોતાના અંગત સંગ્રહમાંથી આપ્યા છે.

સાતત્ય - મહોબ્બતનામા સાથે સંકળાયેલા તમામ વ્યક્તિઓ તરફથી આભાર દર્શાવે છે.







..અને એમ એકદિવસે "સાતત્ય" ઉપર જ મહોબ્બતનામાનો એક વિભાગ બન્યો હતો...અને એમ મહોબ્બતનામા ચાલી નિકળે છે, "સાતત્ય" ના મહોબ્બતનામા વિભાગમાંથી આવેલા ત્રણ-ચાર, હમ-નશેમન દોસ્તોના અસ્તવ્યસ્ત વિચારોમાંથી ! અને બિજા અમુક દોસ્તો જોડાતાં ગયા અને આ પોર્ટેબલ ડોક્યુમેન્ટ ફોરમેટ્માં સમાય છે ! ;)

..પણ મહોબ્બતનામા કંઈક બિજુ છે , એ જેને આપણાં/અમારા જેવા લોકો જીવનના કારવાં માં ક્યાંક છોડિને આગળ નિકળિ જાય છે અને એ જેને હરતાં-ફરતાં/ઉઠતાં-બેસતાં/સેલેરી હાઇક અને પ્રમોશનો લેતાં-લેતાં ...કોઇક અણધારી સેકંડે યાદ કરી લેતા હોય છે...મહોબ્બતનામા એ એવા લોકોના શબ્દો છે જે ક્ષણોમાં જીવેલા પ્રેમ અને વિરહ અને વિદાય અને એ લાગણિઓને વર્ષોમાં જીવ્યા છે કે જીવવું પડ્યું છે.

અલગ રંગો છે મહોબ્બતનામાના લખાણોમાં તકલીફો અને આનંદો અને ખુશી,અવસાદ,વિરહ,વેદના, ભુતકાળની જાહોજલાલિઓ અને વર્તમાનની સંપન્નતા અને એ બધાંની વચ્ચે ઇન્દ્રધનુષની જેમ જેમ જીવતા, તુટતાં,ભટકતાં,ફાટતાં, ઉભા થતાં અને ફાટીને ધુમાડે જતાં એ ગુજરાતી લોકોની , ગુજરાતી દિલોની અને મિજાજની વાતો છે.

આ મહોબ્બતનામા ક્યાં જશે , એ અંગે ખબર નથી અને વિશેષ તો અમને પરવા નથી ! ૩૬૦ ડિગ્રીમાં ફેલાયેલા બ્રહ્માંડમાં એ ફેલાઇ શકે છે અને કોસ્મિક બેકગ્રાઉન્ડના રેડિએશનમાં ખોવાઇ પણ શકે છે.

_નિખિલ શુક્લ

'તમે પ્રેમની વાતો કરજો, અમે કરીશું પ્રેમ.'



પ્રેમ વિશેની વાતો તો અમારી પ્રેમની...પ્રેમ માટે... અને પ્રેમથી લખાયેલી કિતાબ જ કહેશે.
હું તો બસ..એટલું કહુ છુ કે પ્રેમ કરી નાંખવાની, જીવી નાંખવાની ચીજ છે. એની કશીશની..તૂટનની...ઘૂટનની એક આગવી મજા છે અને જેણે એ મજા નથી લીધી એ ( અડીકડી વા્વ કે નવઘણ કૂવો જોયો હોવા છતા ) જીવતો મૂવો જ ગણવો :P ;)


પ્રેમ બ્લેક કોફી જેવો કડક મિજાજ ધરાવે છે તેથી હોર્લીક્સ પીનારાઓને જરા માફક આવે તેવી ચીજ નથી..અહિંયા તો લટકને સે હી 'હાઇટ' બઢતી હૈ :)
વ્યાખ્યાઓને તોડી, પત્થરોને ફાડી ઉગી નિકળતી પ્રેમ-કૂંપળોને વધાવી..અક્ષરદેહ આપવા કટિબદ્ધ થયેલા અમે થોડા મનમૌજી દોસ્તો ! જેવું જીવ્યા, જેવું જોયુ , જેવું જાણ્યુ એવું લખ્યુ ! અમે કોઇ નિવડેલા લેખકો ભલેને ન હોઇએ!અમે તો આછી તૂરી સુગંધ લઇને...અનોખા રંગો લઇને.... કાંટા, કાંકરા, ઢેખાળા વચ્ચે, વગર પાણી સીંચ્યે ઉગી નિકળેલા વગડાઉ ફુલ જેવા વર્જીન.

રાજેન્દ્ર શુક્લ કહે છે તેમ,
અમે આવડ્યુ એવું ઉગ્યા અડધા પડધા તડકે,
ઝીલેલું યે ઝલાય છે ક્યાં, અડધુ પડધુ અડકે.

અને તેથી જ...
કોઇ કહે કેસરની ક્યારી કોઇ કહે કે ખડ,
અમને તો કંઇ ખબર પડે નહી તું આવીને અડ.

મિત્રો..અમારો દરેક શબ્દ વણખેડેલી માટી પર વરસતી વરસાદી બૂંદો જેવો પ્યોર છે. એની રસબસતી સુગંધમાં બે ઘડી ભીંજાઇ તો જુઓ ! એની ગુલાબી મસ્તીમાં ખોવાઇ તો જુઓ ! ક્યાંક તમે તમને જડી આવો તો...આ બૂક બનાવી વસૂલ છે બોસ્સ.

_પારુલ ખખ્ખર





૧) યાદોંનું બચકું -હિતેશ જોષી joshi.hitesh.d@gmail.com





૨) પ્રેમ એટલે કેવળ પ્રેમ -ગોપાલિ બુચ gopalibuch@gmail.com





૩) તારા પછી ? – ૧ નિખિલ શુક્લ shuklnikhil@yahoo.co.in




૪) ચલો પિયા...વે સરોવર જાયે -- પારુલ ખખ્ખર parul.khakhar@gmail.com




૫) પ્રેમ નામે ભ્રમણા  નેહલ મહેતા  nehalnatural@gmail.com




૬) પ્રેમ એ ઇશ્વરીય અહેસાસ  - રેખા પટેલ  sakhi15@hotmail.com





૭) પ્રેમ,પ્યાર,દોસ્તી,ઇશ્ક યહ સબ કયાં હૈ - નરેશ ડોડિયા narend55@gmail.com





૮) વો હૈ જરા ખફા ખફા પારુલ ખખ્ખર parul.khakhar@gmail.com





૯) તારા પછી-૨ નિખિલ શુક્લ shuklnikhil@yahoo.co.in




૧૦) ઉર્મી સાગર - ખુશ્બુ પંચાલ pkkhushbu@gmail.com




૧૧) ઇસ બહાને સે મગર દેખ લી દુનિયા હમને -જય પંડ્યા jay.pandya2@gmail.com





૧૨) અધ્યાહાર -પારૂલ ખખ્ખર parul.khakhar@gmail.com





૧૩) તારા પછી -3  નિખિલ શુક્લ  shuklnikhil@yahoo.co.in ...





૧૪) પર હમ વફા કર ના સકે -ગોપાલી બુચ  gopalibuch@gmail.com





૧૫) પ્રેમ એટલે સત્ય  જય પંડ્યા  jay.pandya2@gmail.com





૧૬) સાતમું પગલું -પારુલ ખખ્ખર parul.khakhar@gmail.com





૧૭) ઊભી તો રહે , સાંભળતી જા -વૈભવ અમીન vbvamin@gmail.com





૧૮) તારા પછી ? – ૪ -નિખિલ શુક્લ shuklnikhil@yahoo.co.in



# યાદોંનું બચકું

હિતેશ જોષી
joshi.hitesh.d@gmail.com




*ભાષણ દેને કભી ગયા થા, મથુરા કે કોલેજ મેં,*
*રસ્તે ભર ખાને કે પૈસે બચા લીએ થે, ઔર ખરીદે થે જો મૈને,*
*જન્મભુમી વાલે મંદિર સે, મુજે દેખ જો મુસ્કુરાતે થે,*
*નટખટ શૌખ ઈશારે કર કે, તુમ્હે દેખ જો શરમાતે થે,*
*સહજ રાસ આખો મે ભર કે, આલે મે ચુપચાપ અધર વેણુ ટીકાએ,*
*અભી તલક ક્યા વો છલીયા ઘનશ્યામ રખે હૈ..?*
*બચ્ચો કે ક્યા નામ રખે હૈ....??*

*આસુ કી બારીશ મે ભીગે, ઠોડિ કે જીસ તિલ કો મૈને,*
*વિદા સમય પર ચુમ લીયા થા, ઔર કહા થા 'મન મત હારો..*
*તુમ સે અનગાયા ગાયા હૈ, તુમકો ખો કર ભી પાયા હૈ,*
*ચાહે મે દુનીયાભર મે ઘુમુ, ધરતી ભોગુ, અમ્બર ચુમું..*
*ઈસ તીલ કો દર્પણ એ જબ ભી કભી દેખના, યહિ સમજના,*
*ઠોડિ પર યહ તીલ થોડિ હૈ, જગભર કી નઝરો સે ઔઝલ..*
*મેરી ભટકન રખી હુઈ હૈ, મેરે ચારો ધામ રખે હૈ,*
*સચ બતલાઓ નએ પ્રસાધન કે લેપન મે, ચેહરે કી ચમકીલી પર્તો,*
*કે ઉપર ભી જિસ્મે તુમકો "મૈ" દિખતા થા, ગૌરે મુખડો વાલી,*
*ચાંદિ કી થાલી મે, અબતક ભી ક્યા મેરે શાલીગ્રામ રખે હૈ..?*
*બચ્ચો કે ક્યા નામ રખે હૈ....??*

*સરસ્વતી પુંજન વાલે દિન, મેરા જન્મ દિવસ ભી હૈ જો,*
*બાંધી થી જો રંગ-બસન્તી વાલી સાડિ, ફ્રોલ ઢુંઢને કો જીસકા મૈ,*
*તીન તીન બઝારો તક મે ખુદ, દૌડ દૌડ કર ફૈલ ગયા થા,*
*બી.એડ કી ગાઈડ હો યા લવ સ્ટ્રોરી કી વી.સી.ડિ,*

*મૌસી કે ઘર જાને કો, સીટ ઘેરની હો જયપુર કી બસ મે ચાહે,*
*એસે સારે ગૈર જરુરી કામ, જરુરી હો જાતે થે, એક તુમ્હારે કેહને ભર સે,*
*અબ જીસ કે સંગ નિભા રહિ હો, હસ-હસ કર અનમોલ જવાની,*
*ઉસ અનજાને ઉસ અનદેખે, ભાગ્યબલી કે હિત મે ભી તુમને,*
*એસે હિ ક્યા ગૈર-જરુરી કામ રખે હૈ..?*
*બચ્ચો કે ક્યા નામ રખે હૈ....??*

...એક અજબ રોમાંચ અનુભવાય છે નઈ ? કેટલી સાચી કવીતા.! ડો.વીશ્વાસ ની આ અફલાતુન કવીતા..ઘણા ને સોસરવી ઉતરી જાશે..પ્રેમ એટલે બધુ કાંઈ સુવાળુ સુવાળુ ગુલાબી ગુલાબી જ થોડુ ? આ નામ '*મુહાબ્બતનામા*' મે એમ જ થોડુ કાંઈ સજેસ્ટ કર્યુ હતુ..કે એમા તો કાંઈક જુનુ..થોડુ ફાટેલુ..ઉંડે ધરબાયેલુ..કે જેના કમાડ બંધ થઈ ગયા છે, કરી દેવા પડ્યા હોય એ પણ આવે..અને કોઈક એકલી અવાવરુ સાંજ..ઝિંદગીની ઉલજનોમા એજ જુની પુરાની ગલીઓ..માર્કેટ કે પ્લેટફોર્મ નંબર ત્રણના ઈન્ડિકેટર નીચે..ટુંકમા એક ઝમાનાની કોઈ '*આપડિવાળી* જગ્યાથી એમ જ બેફીકર રીતે ગુઝરતો કોઈ એકલો હું, ઈયરફોનમા ધીમે થી વાગતુ કોઈ ટ્રાન્સ...અને વર્ષોબાદ ઓંચીતી જ એનો સામનો ઔર બકૌલ ફિરાક..*દિલ કો કઈ કહાનીયા યાદ સી આકે રેહ ગઈ .!!*

..બહાર દેમાર વરસાદ પછડાઈ રહ્યો છે..સવાર ઉઘડતી જાય છે અને બારીની બહાર દુર સુધી ફેલાયેલુ શહેર બ્લર ઈફક્ટમા પડેલો કોઈ જુના ફોટો જેવુ લાગી રહ્યુ છે..આ શહેર કંઈક વધુ મોટુ નથી.? ઘણીવાર ઘબરાહટ જેવુ લાગે છે.! અને ઘબરાહટો..અન્યમસ્કતા..ચિંતાઓ વગેરે ને ખંખેરી હુ લખવા બેઠો છુ..એ લોકોની વાતો..કે *જીનકે પ્યાર કો પ્યાર ના મીલા..!* મેટ્રોશેહરના ટ્રાફિક, ભીડ, અરાજકતા વચ્ચેથી અચાનક એક શુન્યઆવકાશમા પછડાઈ જવાય..ફ્લેશબેક વીજળી ની જેમ ત્રાટકે..સમજણ બેહરાશ મારી જાય..અને કાચી સેકેન્ડમા કાટખાઈ ગયેલુ અતીત...નસીર ઈસ્માઈલ ની કોઈ સદાબહાર વાર્તાની જેમ નજર સામે ધુણવા માંડે.! *કોઈ કચ્ચી ડોર નહિ હૈ મૈ ક્યા કરુ.!!*

પ્રેમની વાત આવે..એટલે શેક્સ તો આવે જ..ને શેક્સ્પીયર્સ એ લખ્યુ છે કે 'Journeys end in lovers meeting', આ માણસ, *શેક્સપીયર્સ*, આમ તો ઘણુ અંટશન્ટ લખી ગ્યો છે, એની વાત ફિર કભી, પણ આ લાઈન, ભારતીય સામાજીક દર્શનની યથાર્થતા સામે દુઃખદ રીતે બહુ બૌની છે.! અહિં પ્રેમના ઉચ્ચત્તમ શીખર એવા રાધા ને કાન પણ, ન મળીને જ મળે છે..!! તો સામાન્ય........

ખૈર, આપણા ભાગની દુનીયામા(in aar part of world, u see !) પ્રેમ થઈ જવો સરળ છે..સહેજ છે..હારે થોડિ 'જર્નીયુ' થઈ જાય, પણ એનો એન્ડ મોટેભાગે મીટીંગમા થાતો નથી.! કે ડો વીશ્વાસના જ શબ્દોમા પ્યારના મામલા મા હિન્દુસ્તાન બહુ દંભી દેશ છે, અહિંયા પ્રેમ એક એવો સબજેક્ટ છે, જેના ખાલી થીયરીના ક્લાસ ચાલે છે..પ્રેમીઓ ને સામાજીક, આર્થીક, ધાર્મીક એવા ઘણા તાણાવાણા અહિ નડે છે, આપડે ન્યા પ્રેમનો 'સકસેસ રેશ્યો' ઘણો ઓછો છે, અલબત્ત, એ 'સકસેસ રેશ્યો' ની વ્યાખ્યા ના માપદંડો શુ અને એવુ બધુ ઘણુ આવે..પણ આપણે એ જુની ચ્યુંવગમ નથી ચાવવી...આપડે સૌ..મોટેભાગે '*બ્રુહદ ભારતીય પ્રેમી સમાજ*' લોલ્ઝ..સરળ માણસો છીએ..એડજસ્ટ થઈ જાઈએ છીએ..કોમ્પ્રોમાઈઝ કરી નાંખીએ છીએ..એટલે એકદંરે..સેટલ થઈ જાઈએ છીએ..સુંવાળી ભાવનાઓની પરીકલ્પના ઉપર મા-બાપ ની ઈજ્જત અને કોઈ જયેશભાઈના છોકરાની ભારી ડિગ્રી અને ઉંજળુ ભવીષ્ય અક્સર ભારી પડિ જાય છે..!!

..પણ એનો એવો અર્થ થોડો કે પ્રેમ હતો જ નહિ ? *પ્યાર તો ફિર ભી થા ના* ?? અને યાદો ને તાળા દેવાતી નથી અને દફનાવી શકાય એ યાદો જ શુ !?!

કે *ગુલો કો જહા ખીલના થા, વહિ ખીલતે તો અચ્છા થા..તુમ્હી કો ચાહા થા, તુમ્હી મીલતે તો અચ્છા થા.!* કાઝલ ઓઝ વૈદ કહે છે કે 'સંબંધોને વેન્ટિલેટર પર રાખી શકાતા નથી.' હશે, પણ મને લાગે કે કેટલાક સંબધો વગર વેન્ટિલેટરેય મરીને જીવ્યા કરે છે..વર્ષો સુધી..કોમામા કદાચ..! સાલી ઝિંદગી જેટલી બેવફા માશુકા કોઈ નથી..જેની માટે એ મુગ્ધ..બોલે તો એકદમ *વર્જીન* સપનાઓ સેવ્યા

હોય..એક મુલાયમ એન્કાસાઈટી અનુભવી હોય..મીત્રોનો બકવાસ હસી કાઢ્યો હોય..કેમ્પ ફાયરમા ધુમાડાઓ ની આડમા જેને નીરખ્યા કરી હોય..પેલા રોમેન્ટીક ગીતોમા જેનો અવાજો સંભળાયા હોય..અને કવિતા વંચાતી હોય ત્યારે જેના ખયાલો અથડાયા હોય..અલપ ઝલપ આખો લડાવાથી..ધ્રુજતા શુરુવાતી લબો સુધી..પેહલા સપર્શનો રોમાંચ થી કલાકો સુધી એની જોયેલી રાહ સુધી..અને છેલ્લે છુટ્ટા પડતી વખતે અનુભવેલી એ નીસાહયતા..રુદન..અને અહિ છે એવા '*મન મત હારો*'..જેવા આશ્વાસનો..એ બધુ જ સામે આવી જાતુ હશે.

'*બચ્ચો કે ક્યા નામ રખે હૈ...??*' સવાલ માથી ઝિંદગી નામનો *પેરાડોક્સ* સતત ડોકાયા કરતો હોય એવુ લાગે છે..!

..અને પછી, એ ફોર્મલ સ્મીતમા..ઘણુ ઈનફોર્મલ તરતુ જોઈ શકાય છે..પણ કશુ બોલી નથી શકાતુ..વચ્ચે વર્ષો ઉભા છે..શીયાળુ રાતમા લોઢામા અનુભવાતી ઠંડકતા અને એવી જ ખામોશી સાથે.! મનમા હજારો વાર ઘુંટાયા કરતી કોઈ ઝમાનાની એ નઝદિકીયા..હવે થોડિ આધી ઉભી છે..મોબાઈલમા રીપીટ મોડ ઉપર મુકેલી..*ફાંસલે એસે ભી હોગે, યે કભી સોચા ન થા..સામને બેઠા થા વો મેરે, ઔર વો મેરા નહિ થા..*ફરી ફરી રહિ છે..ઘણી વાર એકલા પડ્યા હોય ત્યારે પાછુ વળી જોયા કર્યુ હોય, ઘુંટાયેલુ ઘુંટ્યા કર્યુ હોય..પણ પાછા વળી ન શકાયુ હોય..પણ પછી આ 'પણ', પણ બહુ મોટો શબ્દ છે નહિ ?..દરેક ચીખના પડઘા નથી પડતા..દરેક સાદના પ્રતીસાદ નથી હોતા..કેટલાક અવાજો ખાલી ગુંજતા રહે છે, વર્ષો સુધી..સવાલો હોય છે..અને એના જવાબો મળે એવી અપેક્ષા નથી હોતી..હવે, એ બધુ ફાઈલ મા પડિ રહેલી કોલેજ કાળની ધુળ ખાઈ ગયેલી અચીવમેન્ટસ જેવુ છે, પીળા પડેલા પાના ઉપર ફરી હાથ ફેરવી એને જીવી લેવાય છે, પીળા પડિ ગયેલા ગુલાબી સંબધના ખીસ્સામા ફોર્માલ્ટી સીવાય કાંઈ વધ્યુ નથી..લેપટોપ ના ભારથી વળી ગયેલા ખંભા અને રસોઈની નવી રેસેપીસ મા ઘણુ ધુંમાડો થઈ જાય છે..એ દિવસોને *માસુમીયત* ગણાવી હસી કઢાય છે, લાઈફની પેચીદગીઓ બીજો કોઈ રસ્તો છોડતી નથી..હવે પ્રેમ વ્યકત નથી કરાતો, આંખો મા ડોકાય છે, ફોર્મલ વાતોમા વચ્ચે લેવાતા pause મા અનુભવાય છે.!! રાત ભર પીછલી હિ આહટ કાનો મે આતી રહિ, ઝાંક કર દેખા ગલી મે કોઈ આયા ન થા..વો અપને તમામ ખતોકો ખંજર મે લપેટે ચલે જા રહા થા, ઉસ્કે સાથ બીતાયે હર પલ કા હિસાબ જોડે જા રહા થા.!

હવે આગળ નથી લખવુ..ગુલામ અલી પુરુ કરી રહ્યા છે, હુ પણ છેલ્લી લાઈન સાથે પુર કરુ..

**પ્રેમ ઘણીવાર અજનબી બનાવી દે છે એને...જેને તમે ભરપુર ઓળખો છો ! _હિતેશ જોષી**

પ્રેમ એટલે અણધારી હકીકતોના કાઉન્ટડાઉનનો સ્ટાર્ટીંગ ટાઇમ. _આનંદ પંડ્યા

# પ્રેમ એટલે પ્રેમ

ગોપાલી બુચ
gopalibuch@gmail.com



પ્રેમ શબ્દ સાંભળતા જ મોગરાની માદક સુગંધ મનને તરબતર કરી જાય અને ગુલાબના મખમલી સ્પર્શનો અહેસાસ રોમરોમમા જંકૃત થવા લાગે.મન જાણે લીલીછમ કૂંજગલીમા લટાર મારવા નીકળી પડે અને લાલ,પીળા,કેસરી ગુલમહોરનો ગુલમહોરી અહેસાસ સમગ્ર અસ્તિત્વને પ્રકૃતિ સાથે ઓતપ્રોત કરી નાખે.હા,એ જ પ્રેમ.

યાદ આવે કૃષ્ણનુ મોરપિચ્છ, અધર ધરેલી,વિંધાઈને પોલી થઈ ચુકેલી સૂરમયી વાંસળી,યમુનાનો કાંઠો અને વાસંતી વનરાઈઓમા ઘેલી થઈ કાન્હા માટે દોડતી બહાવરી રાધા.

યાદ આવે અંતિમપ્રયાણે પણ મનોમન રાધા વિરહમા ઘૂટાતા,વેદનાના વલોપાત વચ્ચે વહાલી રાધિકાની વિદાય માંગતા કૃષ્ણ. અને વલોવાઈ જતી વેદના સાથે કૃષ્ણને મનોમન અંતિમપ્રયાણની અનુમતી આપતી પ્રેમમૂર્તિ રાધા.

પ્રેમ ચાહે શેક્સપિયરના રોમિયો-જૂલિયેટ કરે કે કાલિદાસના દુષ્યંત-શકુંતલા.ચાહે લૈલા-મજનુનો પ્રેમ હોય કે પછી ગલીના કોઈ એક ખુણે દુપટ્ટામા ચહેરો સંતાડતી ,પ્રેમીના આગમનની રાહ જોતી આજની આધુનિક નવયૌવનાનો હોય.પ્રેમની અનુભૂતિ સાર્વજનિક હોય છે.

પ્રેમ પ્લેટૉનિક પણ હોઈ શકે.બસ કોઈ એક પાત્રને દિવ્યતાની હદ સુધી ચાહવું ,કે ઈરોટીક પણ હોય.લોહીઝાણ થઈને,તુટીને ચાહવું,જનુનથી ચાહવુ અને એના માટે સ્વયંને અતિક્રમી જઈને પોતાના પ્રેમ માટે કશુ પણ કરી જવું. એ પણ પ્રેમ જ તો છે.

આજના ટૅક્નોસેવી યુગમા વૉટ્સ અપ કે ફેસબુકમા પ્રિયપાત્રનો મેસેજ બ્લિન્ક થતાં જ આંખમા ચમક આવે,ચહેરા ઉપર મુસ્કાન આવીને ગોઠવાઈ જાય અને વારંવાર કાન અને આંખ મોબાઈલ તરફ દોડી જાય,કોઈ સ્પેશિયલ સેટ કરેલી મોબાઈલ ટ્યુનનો અવાજ કાનથી લઈને સમગ્ર ચેતાતંત્રને ધમરોળી નાખે ,જંજોડી નાખે એ પણ પ્રેમ જ છે .

બળબળતી બપોરે પ્રિયજનની યાદ આંધીની જેમ ઘેરી વળે અને કાલિદાસ રચિત મેઘદુતમ ના યક્ષની જેમ મન વ્યાકુળ બને, આસપાસ યાદોના કાળા ડિબાંગ વાદળ રચાય ,ભરઉનાળે અષાઢી અનુભવ થાય અને મન આપ્તજન સુધી પહોચવા અધીરું થાય એ પ્રેમ નથી તો શું છે ?

કોઈની યાદ માત્રથી મન કેસૂડે ભિંજાય એ પ્રેમ છે.ગુલાલની છોળોં વચ્ચે કોઈ ગમતીલો ચહેરો દેખાય એ પ્રેમ છે. ભીડમા પણ કોઈ એકનજરે ઓળખાઈ જાય એ પ્રેમ છે.

પ્રેમના સંદર્ભ જુદા હોઈ શકે ,પ્રેમની અનુભૂતિ એક સરખી જ હોય છે. અફાટ ખારા રણમા પ્રેમ મીઠી વિરડીની શિતળતા આપે છે.પ્રેમની એક આગવી ભાષા છે.મૌન અભિવ્યક્તિ છે.આંખો દ્વારા હૃદય સુધી વિસ્તરતા ભાવનુ એક અલાયદુ વૈશ્વિક સૌદર્ય છે.

પ્રેમ - બ્રહ્માંડનુ સર્જન થયુ ત્યારથી અનુભવાતો શબ્દ.વિસ્તૃત અર્થમા વ્યાપક શબ્દ.અનંત, અવિચળ,અખિલેશ,એકત્વ એટલે પ્રેમત્વ.પ્રેમના પ્રકાર જુદા હોઈ શકે,અભિવ્યક્તિ અલગ હોઈ શકે,પણ, પ્રેમ ક્યારેય અલગ ન હોઈ શકે.હોય પણ ક્યાંથી ?પ્રેમ એટલે જ ઐક્યભાવ.ચાહે પ્લેટોનીક ,ચાહે ઈરોટીક....પ્રેમ વર્તમાનમા જીવે છે માટે વર્તમાનને માણી લેવો.એમા કશુ જ ખોટું નથી.કશુ અસભ્ય કે અસાંસ્કૃતિક નથી.

પ્રેમત્વ-કામત્વની વાતો ભારતિય સંસ્કૃતિમા આજે ભલે ગમે તે ફલક પર ચર્ચાતી હોય ,પણ,આપણી જ સંસ્કૃતિમા કામદેવના કામબાણથી વિવશ થતા શિવજી છે અને મેનકાથી તપભંગ થતા વિશ્વામિત્ર છે.વસંતથી વિંધાઈને મૃત્યું સન્મુખ થતા પાંડુરાજા પણ છે.વસંતનો જાદુ કોઈને પણ છોડતો નથી.પૌરાણિક ભારતિય સાહિત્યમા શૃંગારપ્રચુર,કામપ્રચુર વર્ણનો છે તો સ્થાપત્યમા પણ ભરપુર શૃંગારરસ વૈવિધ્ય જોવા મળે છે.

હા,સમયાંતરે જે ફેરફાર આવ્યા એ સ્વીકાર્ય કે દેહ લાલિત્યનુ દેહ પ્રદર્શનમા રુપાંતર થયું,શૃંગારરસ બીભત્સરસમા ફેરવાયો.ઠીક છે.એ ક્યારે અને કેમ થયું એની મથામણમા નહી ઊતરીએ.પણ હા,વાત જ્યારે પ્રેમની જ છે તો વસંતની સાથે થોડી વાતો વેલેન્ટાઈનની પણ  કરીએ તો ખોટુ નથી.જે રીતે આપણી સંસ્કૃતિમા પ્રેમ તત્વ સવિષેશ મહત્વ ધરાવે છે એવી જ રીતે પશ્ચીમી દેશો પણ પ્રેમત્વ ઉજવે છે.હા,ઊજવણીની રીત અલગ હોઈ શકે,પણ વિષય તો એક જ છે !

પાશ્ચાત્ય સંસ્કૃતિનો  પ્રેમદીન એટલે વૅલૅન્ટાઈન ડે-૧૪ ફેબ્રુઆરી- ત્યાં એક પારંપારિક દિવસ તરીકે ઊજવાય છે.જે દિવસે પ્રેમ કરનારા લોકો પોતે જેને ચાહે છે એનો સ્વીકાર કરે છે.અને પ્રેમ જેવી કોમળ લાગણી અભિવ્યક્ત કરવા ફુલ,ચોકલેટ,કાર્ડ કે કોઈ ગિફ્ટનો સહારો લેછે.આમતો ખ્રિસ્તી ધર્મમા શહિદ થયેલા સંત વૅલૅન્ટાઈનના નામ પરથી વૅલૅન્ટાઈન ડે તરીકે પ્રચલીત છે.

પ્રેમનો ઈકરારી દિવસ.આપણી વસંતપંચમીની જેમ જ કદાચ. આપણે તો એક દિવસ નહી આખેઆખી વસંત ઊજવીએ છીએ .મને ક્યારેક થાય કે શુ વાંધો જો આપણે પણ આ એક વધારાનો દિવસ ઉજવીએ તો ? એક દિવસનો છોછ શા માટે ?પ્રેમદિવસ ઊજવવામા વળી પૂર્વ શું કે પશ્ચિમ શું ?પાડોશીના ઘરમા શીરાની સુગંધ આવે તો પણ આપણી દાઢ સળકે છે તો આ તો આખેઆખા પ્રેમના ધબકારાં જીલવાની વાત છે.છપ્પનની છાતી જોઇએ એના માટે.એક હાથમાથી બીજા હાથમા ફુલ આપી દીધાં જેટલું સરળ નથી.અને હા,આપણે
આ દિવસ જો ઊજવી નાખીએ તો આપણે પશ્ચિમી સંસ્કૃતિ નથી અપનાવતા.આતો આપણી જ સંસ્કૃતિએ જગતને આપેલું વરદાન છે.

એક વાત સાચી કે પ્રેમમા જે ઠહેરાવ,ઊંડાણ,ધીરજ,સ્થીરતા જોઈએ. એને આસપાસની હવામાથી જુદા તારવી શ્વાસમા ખેંચી લેવાની આવડત કદાચ આજની ચોયણી જેવા જીન્સ,બાવડાં દેખાય એવા ટુંકા ટીશર્ટ વીથ સ્પાઈસ કટ હેરવાળી પેઢીમા ન હોય એવું બને.એમની આછકલાઈ કદાચ રાજકારણી રમતોમા માહિર ટોળકીઓને વિરોધનો વિષય પુરો પાડી શકે એમ બનતુ હોય.પણ એટલે થોડા ઉગી નીકળેલા બાવળ માટે કાંઈ આખેઆખો લીલોતરો મોલ વાઢી ન લેવાય.

પ્રેમમા જરુર છે સમજદારીની,ધિરજની,પરસ્પરના વિશ્વાસની,સમયની,પોતાના પ્રેમને ભરપુર ચાહવાની.પ્રિયજનને એ અહેસાસ કરાવવો જરુરી છે કે ,

"અહેસાસે મુહોબતકે લીએ બસ ઇતના હી કાફી હે,
તેરે બગૈર ભી હમ તેરે હી રહેતે હે...." (અજ્ઞાત)

વૅલૅન્ટાઈન ડે હોય કે વસંત,વૉટ્સઍપમા આવતો કોઈ મેસેજ નથી કે ગમ્યો તો સેવ કર્યો અને ન ગમે તો ફોરવર્ડ કર્યો કે ડીલિટ કર્યો.આતો ઈશ્કની ઈબાદત છે.ઈશ્વરના આશિર્વાદ છે.હ્રદયમાથી ઝરતો ધગધગતો લાવા છે જે કોઈ પ્રેમી /પ્રેમિકાની નજરના અમી ઝરણે ઉકળતો હોવા છતા ટાઢક બક્ષે છે. ખુશનસીબ હે વો જીનકો હે મીલી યે બહાર જીંદગીમે..

અને એટલે જ જેને પ્રેમ કરીએ એને ખુલ્લા મને,મોકળા મને,દિલ ફાડીને ,કચકચાવીને કહી દેવુ કે, "હું તને ચાહું છુ,પ્રેમ કરુ છુ તને.અને એ કહેવા મને સમય ,સ્થળ કે સરહદના કોઈ સિમાડા નડતા નથી".

એકવાર કોઈકને દિલ ખોલીને ચાહી તો જુવો,પછી જુવો જીવનનો મિજાજ,જીવતરની ખુમારી !કોઈનો પ્રેમ આપણને આપણા હોવાપણાનો અહેસાસ કરાવે છે.હું જીવંત છુ એ અનુભવ કરાવે છે.જીવવુ અને જીવંત હોવુ એ બન્ને વચ્ચે ફરક છે મિત્રો.

પ્રેમની તિવ્રતા ભલભલા ભડવીરોને પણ શ્રીફળી મૃદુતા આપી જાય છે.પ્રેમમા વહી જવુ,સાનભાન ભુલી જવુ કે પ્રિયતમને સમપિત ભાવે ચાહવા એ બહુ જ સહજ છે .કવિ શોભિત દેસાઈ કહે છે,

"તું અચાનક ફૂલને સ્પર્શે અને એક આખા શહેર પર રેશમ પડે,
હું કોઈ શમણુ અવ્યવહારું બનુ ને તને પણ રાત આખી કમ પડે."
સપનાની મુલાકાતમા પન અવ્યવહારુ થઈ વહી જવાની વાતમા જરા પણ અતિશયોક્તી નથી લાગતી.પ્રેમનો અહેસાસ જ એવો કુલગુલાબી છે કે સમયનો માપદંડ હમેશાં ટુંકો જ પડે.

પ્રેમ અખિલ બ્રહ્માંડનુ અમાપ-ગૂઢ તત્વ છે ,હદથી અનહદ તરફની ગતિ છે. કવિ હરીન્દ્ર દવે લખે છે ,"અનહદમા રહીને પ્રેમને ઉચ્ચારતો કરો,દાવો કરો છો શેનો આ હદમા સમાઈને."

પ્રેમ નામે શબ્દથી જેને છોછ ઉત્પન્ન થાય છે તેમને માટે પ્રણયોર્મી કાવયોના પ્રણેતા રમેશ પારેખનો એક શેર યાદ કરવા જેવો ,"શહેર પર ખાંગી થઈ વરસી પડી આખી વસંત,એક જણ ઉજ્જડ રહી ગયું કોને ખબર?"
આ ક્યાક સ્પેશ્યલી ફોર મી જ હતો એવી વસમી વેદનાનો અહેસાસ ન થાય માટે જ પ્રેમ નામે એક અવસર વધાવી લેવો.

"મે પી આયા,મે પી આયા ,મે પી આયા,મે પ્રેમકા પ્યાલા પી આયા"કેટલી લિજ્જત ભરી છે આ કબુલાતમા !પ્રેમ ઐક્ય આપે છે,હ્રદય ગણગણે છે,અને પ્રેમ પ્યાલો પણ ઘોળાય ઘોળાય અને પ્રેમના નશામા એકરસ થાય છે.ત્યારે શબ્દો નીકળી જ જાય છે, "મુજે તુજમે ઘોલ દે તો મેરે યાર બાત બન જાની".એકવાર આ પ્રેમરસ રગ રગમા વહેતો થાય પછી જીવતરમા બત્રીસ કોઠે દીવા જ દીવા છે. જીવન આખુ "લહુ મુહ લગ ગયા....."જેવો સ્વાદ વળગેલો રહે છે.

પ્રેમનો એક અલગ જ વૈભવ છે .અલગ ખુમારી છે."વો નહી મેરા મગર ,ઉનસે મુહોબત હે તો હે,યે અગર રસ્મો રિવાજોસે બગાવત હે તો હે "દિપ્તી મિશ્રાના આ શેરમા પ્રણયની દિવાનગી વ્યક્ત થઈ છે.હદ બહારનો પ્રેમ,દિવાનગી તરફ લઈ જતો પ્રેમ,પ્રેમ માટે બધુ જ ફના કરવાની ભાવના પ્રેમને જીવનભર સદાબહાર રાખે છે.પ્રેમને ક્યારેય ઉમરનો કાટ લાગતો જ નથી.અને ભિતરનો ટહુકો કહી ઊઠે છે,
" હતી જે હદ બધી વટાવી ચાહ્યો તને,
તાઉમ્ર તુજ પર લુટાવી ચાહ્યો તને."

પ્રેમનુ એક બીજુ પણ પાસુ છે- વિરહ-જુદાઈ-વિયોગ.અગ્નિ સમાન દાહક સ્વરુપ.પ્રિયજનના ભિતરને છિન્ન-ભિન્ન કરી નાખે,વિહવળ કરી નાખે.જુદા થવાની વાત જ હ્રદયમા ચણચણાટી ઉભી કરી જાય.માણસ આખે આખો ચિરાય જાય.ધોરી નસો ફાટી જવાની તીવ્રતમ વેદના આ વિયોગમા રહેલી છે.પણ ત્યા જ પ્રેમ પરિપક્વ થાય છે.ઘૂંટાય છે.

અંતે ઘૂંટાઈ ઘૂંટાઈને પ્રેમ દૈવત્વ તરફ ગતિ કરે છે.પ્રેમ સ્વયં શક્તિ સ્વરુપ થઈ જાય છે.ત્યારે પ્રેમ શિવશક્તિ સ્વરુપ ધારણ કરે છે અને પ્રેમી અર્ધનારીનટેશ્વર રુપને પામે છે.દેહ સ્વરુપથી પર થઈ પ્રેમ દેવસ્વરુપ તરફ પ્રયાણ કરે છે.અને એજ પ્રેમ સાફલ્ય છે.
_ગોપાલી બુચ.

પ્રેમ એ ત્રણ વર્ષના બાળકને ચડ્ડીમા થયેલી પીપી જેવો છે..ખાસ કોઈ ને દેખાય નહી, ખાલી આપણને જ ફિલ થાય અને.....મમ્મીને ખબર પડે તો બહુ માર પડે.! _હિતેષ જોષી

# તારા પછી ? - ૧

નિખિલ શુક્લ
shuklnikhil@yahoo.co.in



...એમ જ રાત્રે મોડા Travels and living ની ચેનલમાં અક બ્રેક આવી અને મેં એમ જ ચેનલ બદલી..એક થોડિક જુની ફિલમ નું એક ગિત આવતું હતું ..અને અચાનક એક ફિલ્મનું એક બીજું ગીત મનમાંથી બહાર છલકાઈ ગયું.... "..સબકી બારાતેં આયી...ડોલિ તુ ભી લાના..." અને પછી.... "..ચલો જો ભિ હુઆ અચ્છા હુઆ...અબ હરકોઇ દિલદાર હુઆ..."...

ઓહ..આની તકલીફ સમજાઈ .?! ...માણસ સંબધોને તોડ્યા પછી પણ કેટલી હદે પોતાને બહેલાવી શકે..? , ..પોતાને જ બહેલાવી દેવાનું એ પોતાનુંજ પોસ્ટમોર્ટમ કરવા જેવું થઈ જાય..., અને બહેલાવવાનું કંઈ પ્રેમ સંબધોના પતન કે તુટવા માત્ર ઉપર જ નથી હોતું ,ક્યારેક એ સંબધોના અલ્પકાલિન અસ્તિત્વ ના માટે પણ હોય અને ક્યારેક સંબધોના બે-માની હોવા ઉપર પણ હોય...
..અને એ વખતે એ બે પાત્રો શું કરે ,શું બહેલાવે પોતપોતાને અને શું જોવે અકબીજામાં ?

..ચાલો જે થયું એ બરાબર થયું ની સાવ બાલિશ દલિલ કરવી પડે,પ્રેમની તપિશ એ ઉન્માદ અને એ વળગણને પણ વખોડવું પડે બે-માની કહેવું પડે જેને ક્યારેક પંપાળ્યું - સરાહ્યું હતું. હવે એ રાતોની બેચેની નહિ , બપોરની તપીશ નહિ , ગળી વાળેલા જુના પત્રો નહિ, હવે કોઇના વાળમાંથી આવ્તી એ હેરઓઈલની સુગંધ નહિ, હવે લિપસ્ટિક ની કોઇ પસંદગી નહિ અને હવે પોતાના પેન્ટ શર્ટ પોતેજ પસંદ કરી લેવાના,હવે કોઇના નખ નહિ વાગે ગાલ ઉપર , હવે કોઇનાં દાંતના નિશાન નહિ રહે...ખભા ઉપર...હવે શાંતિ છે ચારે તરફ, આરામ છે દોસ્ત..

"હુસન ગમઝે કી કશાકશ સે છુટા મેરે બાદ, બારે આરામ સે હૈ અહલ-એ-જફા મેરે બાદ"

..થાય દુનિયામાં ઘણૂં થાય છે અને દરેક આઘાતનો એક પ્રત્યાઘાત હોય છે , આઇઝેક ન્યુટને બતાવેલું , બુધ્ધિ છે એ electrical discharge ની જેમ કંઈને કંઈ બોલ્યા કરશે , કારણો આપશે અને તર્ક સંગત દલિલો કરશે પણ...ત્યારે શું કે જ્યારે આપણને પોતાનેજ એ બનાવોને ભુલવા ની ઇચ્છા હોવા છતાં પણ મનમાં ધરબી રાખવાનું મન થાય ?? , પોતાના નવજાત શિશુ ,જેનું કોઇનામ પણ ના રાખ્યું એના મૃત્યુ ને બિજા સંતાનની અઢારમી વર્ષગાંઠે કોણ ભુલાવી શકે છે ?, છુટા પદ્યા પછી પણ કોર્ટે નક્કિ કરેલા ભરણ પોષણ ને આપ્વા/મેળવવા નો સિલસિલો શરૂ થઈ ગયા પછી પણ ...એ જુના ઘેર ની આસપાસ લટાર મારવાનું કેમ મન થયા કરે છે ?, કોઇને બેવફા કહ્યા પછી પણ એની ચાહત કેમ યાદ આવ્યા કરે છે ? , બસ એ એમ જ હોય છે..પ્રેમ માણસને ખુબ આશાવાદી બનાવે છે કે એકદમ નાજુક કે એકદમ "કંઈ નહિ" ?, પ્રેમ સંબંધોની પણ એક પશ્ચાત-આડઅસર હોય છે...તમને એમ જ થોડીથોડી વારે , અવારનવાર ગમગીન થઈ જવું ગમવા લાગે...!! "એના" ગયા પછીની જિંદગિની તારાજી ખાનાખરાબી પણ અલંકારિક લાગવા માંડે...થોડું થોડું તમે રોજ કોઇ માનસિક દર્દીની જેમ ,પોતાને જ દુખ આપતા જાવ...!!
(શિયાપોશ થવું = કાફિર થવું અથવા કાળા કપડામાં ઢંકાઈ જવું)

"શમ્મા બુઝતી હૈ તો ઉસમેં સે ધુંઆ ઉઠતા હૈ, શોલા-એ-ઇશ્ક સિયાપોશ હુઆ મેરે બાદ"

...હવે કોઇ ખુશી ખુશી નથી આપતી , કોઇ દુખ દુખ નથી પહોંચાડતું, કોઇ તકલિફ નહિ , કોઇ અવસાદ નહિ, કોઇને ગુમાવવાની બીક નહિ, કોઇનાથી અલગ થવાના દુઃસ્વપ્નો નહિ, કોઇના અસ્તિત્વનો Fear of Loss નહિ...કોઇને ભાવ્તાં ભોજનની તૈયારી નહિ કોઇની આગળ મન ખાલી કરવાની જાલિમ ખુદ્દારી નહિ..કોઇ ની સાડિ ને ગમાડવાનિ નહિ કોઇના વાળને ચહેરા ઉપર ફેલાવા દેવાની ખુશનુમાં મહોતાજી નહિ...હવે આખિ રાત ટ્યુબલાઈટ ચાલુ રાખવાની , નાઈટ લેમ્પ નું એ આછું અંધારું નહિ, હવે આખો પલંગ આપણો , કોઇને જોડે રજાઇ વહેંચવાની નહિ..અને હવે દાઢી કરવાની પેલી તાલાવેલી નહિ , હવેથી "તૈયાર" થવામાં વાર નથી લાગતી..હવે સજવા ધજવાની દુન્યવી બાલિશતાઓ નહિ, એ શું વળી આંખો ના ઇશારા અને બોલતું મૌન ?!, નહિ હવે એ બધી વેવલાઈ નહિ...હવે આંખોનું કાજળ નહિ હવે આંખોની નિચે ઉજાગરાનું એક સત્ય કાજળ અને પણ..હવે એ આંખોની રુમાનિયત પણ નહિ...કોઇ ફરિયાદ નથી કોઇ અવસાદ નથી અને...અને..હવે એને શું ગમશેની બબાલ નહિ....બસ. હવે એકલવાયું નથી લાગતું..એકલતા જ માત્ર રહિ છે, અને કદાચ રહી જ જશે.

"...દરખુર-એ-અર્ઝ નહિ જૌહર-એ-બેદાદ કો જા, નિગાહ-એ-નાઝનિં હૈ સુરમે સે ખફા મેરે બાદ"

..."સમય બધાં દર્દની દવા છે" - લોકો કહે છે, અને કોઇ દુઃખ માં નિરાશ નહિ થવાનું , બુધ્ધિ સમજાવે છે..પણ...હું દુખી જ ક્યાં છું !, હવે કોઇ ચિસ,ચુભન, ટિસ ક્યાં છે ? હવે તો એ'ય ને છુટ્ટા ફરવાનું છે. કોઇ તુટેલી કબર જેમ ખુલ્લી થઈ જાય ! હવે આશિકીની ગમગિનિ નથી, હવે એ અસ્તિત્વ જ નથી કે જેનો ઉત્સવ હતો...તો..એ અસ્તિત્વના હોવા ન હોવાની રોકકળ કેમ કરવાની ? અને..આ આવારગી , ફકિરપણૂં જ તો છે જે મારૂં છે કેમકે જે મારૂં નથી , એ તો હવે ક્યાં અહિં ક્યાંય છે ?, હાં, થોડિક બેચેની રહ્યા કરે છે..ક્યાંક કોઇ ખાલીપો લાગ્યા કરે છે..

...પણ..એનિ'ય એક હદ હોય...ઠાવકાઈ થી બોલવાની, ખુશ રહેવાની, સાવ સજાગ રહેવાની, ઇરાદાપુર્વક કપડાને ઇસ્ત્રી કરવાની, જાણી જોઇને મલકાઈ જવાની. હવે એનાથી લાગતાં થાક નું પણ શું થાય ?, અને એ તો હવે ફાવી જવું જોઇએ..પણ...આ મન કેમ ભારે ભારે રહ્યા કરે છે ? માણસના સરેરાશ આયુષ્યનો આંકડો અને પોતાની ઉંમરના બાકીના વર્ષોનો તફાવત કેમ વારંવાર યાદ આવે છે ? પણ એ તો હવે....ખૈર, પ્રેમ સંબધોની કોઇ ઉત્તરક્રિયા થોડી કરવાની હોય..!

(તાઝિયત-એ-મેહર-ઓ-વફા = પ્રેમની કબર/છેલ્લી નિશાનિઓ સાથે કરવામાં આવતી વિધિઓ !)

"...ગમ સે મરતાં હું કે ઇતના નહી દુનિયામેં કોઇ, કે કરે તાઝિયત-એ-મેહર-ઓ-વફા મેરે બાદ"

...હવે..હવે..એ નથી , એનો ઇતિહાસ રહેશે ફક્ત...અને એને જીવવાનો નથી હોતો. હવે બધીજ માનુનિઓને ધારી ધારીને જોઇ શકાય છે. આપણે "બધાંના" માટે applicable થઈ ગયાં છીએ...અને..પણ...હવે તો "એ" પણ થઈ ગઈ હશે ને ! , અને બધીજ દુનિયાદારી, હિંમત તુટી પડે છે...."એના" મનમાં શું થતું હશે ની પેલી જીવલેણ જિજ્ઞાશા આપણને ક્યાંય ઠરીઠામ ન થવા દે એનું શું કરિ શકાશે ?, હવે સમજાય જાય છે,કે એકલા રહેવું અઘરું નથી, પણ..એકલા જીવવું..અસ્તિત્વને ખોતરી નાંખે છે, અને બહાદુર માણસો માટે એ પણ એક પ્રાક્રમ હોતું હશે..પણ..શું મેળવવા માટે એ પ્રાક્રમ કરવાના ? કંઈ "ન મેળવવા" માટે પણ..કંઈ ન હોવા માટે પણ જ્યારે આખી હયાતીની તાકાત કામે લગાડવી પડે ત્યારે "..કર્મ તો તારે કરવુંજ પડશે, પાર્થ" - નો અર્થ છાતીમાં સોંસરવો ઉતરી જાય.. અને અફસોસ કે હવે રિસાઈ જવાની છુટ નથી. કોનાથી રિસાવાનું ? હવે અબોલા નથી કરી શકાતાં, હવે કોઇને મનાવવાની મસ્તિભરી ફરજ પણ નથી...હવે વાસણ પછાડવાનો વટ નથી..હવે બારણું બંધ કરી દેવાની જાહોજલાલી નથી.. હવે એક અસ્તિત્વ રહ્યું માત્ર જે ખળભળી શકે...કોઇ કિનારા કે રસ્તા કે મંઝિલ કે સાહિલ ની આશા નહિ...હવે માત્ર હંમેશ ખળભળતાં રહેવાનું...જુની જાહોજલાલીઓને રોયા કરવાની...

"..આયે હૈ બેકસી-એ-ઇશ્ક પે રોના 'ગાલિબ', કિસકે ઘર જાયેગા સૈલાબ-એ-બલા મેરે બાદ" _નિખિલ શુક્લ

સ્ત્રી પ્રેમમાં જીવે છે અને પુરુષ પ્રેમને જીવે છે ..! _ફરઝાના શિવાણી

# ચલો પિયા...વે સરોવર જાયે !

*પારૂલ ખખ્ખર*
parul.khakhar@gmail.com



'ચલો પિયા વે સરોવર જાયે...
વે સરોવર કમલ કમલા...
રવિ વિના વિકસાય
ચલો પિયા....'અદભૂત !

પ્રિયતમને સાથે લઇ ને કોઇ એવી મંઝિલે જવાનું જ્યાં સૂરજનાં સ્થૂળ કિરણોનું અજવાળું ન હોય ! કે ના હોય સ્થૂળ કમળ...કલિકાઓ !કેવી મસ્ત વાત...! એક અલૌકિક પ્રેમની ઝાંખી કરાવતું આ તત્વ ક્યું છે ભલા ?

હું કંઇ કહું એ પહેલા આ ગીત સાંભળો.....આ સનમ માટે લખાયુ છે કે ઇશ્વર માટે !! ખૈર એ ઝંઝટમાં પડ્યા વગર એની રૂહાની મજાનો અનુભવ કરો.
'તુ ઇસ તરહા સે મેરી ઝિંદગી મે શામિલ હૈ,
જહાં ભી જાઉ યે લગતા હૈ તેરી મહેફિલ હૈ.'
સનમ હોય કે ઇશ્વર, પ્રેમમાં એકાકાર થવુ એ જ પ્રેમનું મુખ્ય લક્ષણ . જ્યાં જ્યાંનજર મારી ઠરે..યાદી ભરી ત્યાં આપની ગૂંજવા લાગે કે નહી ? પ્રેમ ગલી અતિ સાંકરી...જીન મે દો ન સમાય......પ્રેમમાં તો એકરૂપ થયે જ છૂટકો !
અને મને યાદ આવે છે એક સ્ત્રી...નામ રાબિયા બસરી...વતન ઇરાનનું બસરા શહેર.
એક હાથમાં પાણીનો કટોરો અને બીજા હાથમાં અગ્નિ લઇ ને ઇરાનની ગલીઓમાં પ્રેમની આહલેક જગાવતી નિકળી પડે!
કહે...હું ઇશ્વરને પ્રેમ કરુ છુ બસ....બીજું કશુ નહી.!પાણીમાં નર્કની આગને ડૂબાડી દઇશ અને આગથી સ્વર્ગને ભસ્મીભૂત કરી દઇશ...કારણ કે તો જ હું ઇશ્વરને નિસ્વાર્થ ચાહી શકીશ.

અને એક બીજી સ્ત્રી..આપણી મીરાં ! 'મેરે તો ગિરિધર ગોપાલ..દૂજો ન કોઇ' કહીને કૃષ્ણપ્રેમની લગની લગાડી બેઠી.શું કોઇએ નહી સમજાવ્યુ હોય કે...અલી..., એ તો છેલછબીલો...છોગાળો..રંગીન છે ! સોળહજાર એકસોને આઠ સ્ત્રીઓનો પતિ છે ! હજારો ગોપીઓ સાથે રાસલીલાઓ કરી છે ! રાધા એની પ્રાણપ્યારી પ્રિયતમા છે ! દ્રૌપદી એની વ્હાલી સખી છે ! જાણે છે આ બધું તું...?આ ભીડમાં તારું સ્થાન શું ? ત્યારે એ પગલી એ માત્ર એક સ્મિત જ ફરકાવ્યુ હશે ને !
શું આ પૃથ્વિ તટે આવી અનેક અર્વાચીન મીરાઓ નહી વસતી હોય !જે રાણાનાં મહેલની અટારીએ બેસી કૃષ્ણની માળા જપતી હોય! મને લાગે છે કે વસ્તી ગણતરીનાં પત્રકોમાં આવી મીરાઓ માટે એક અલગ કોલમ હોવી જોઇએ. શું કહો છો?

વેલ...આપણે વાત કરવી છે 'મુહબ્બતનામા' કિતબનાં એક ભગવા પન્નાની. આ પ્રેમને તમે કોઇ પણ નામ આપી દો..પ્રેમલક્ષણા ભક્તિ કહો..કે ડીવાઇન લવ કહો....અશરીરી પ્રેમ કહો...કે...આત્મિક મિલન કહો .અંતે તો હેમનું હેમ જ હોય. !ફન્ડા સીંપલ છે....ઇશ્વરને પ્રેમી સમજીને ચાહો...કે પછી પ્રેમીને ઇશ્વર સમજીને પૂજો વાત એક જ છે..દોસ્ત !

ફરી પેલુ ગીત સાંભળાય છે મને ક્યાંક દૂર દૂરથી....
'હરએક શય હૈ મુહબ્બત કે નૂર સે રોશન,
યે રોશની જો ન હો ઝીંદગી અધૂરી હૈ'

આમ ગહન છતાં..આમ સરળ વાત. એક એક કણ...એક એક દિશા...એક એક શ્વાસ....એક એક ધબકારો પ્રેમનાં નૂરથી ઝળહળે છે. અને પ્રેમ વગરનું જીવન ?? ધત્ .....વો જીના ભી કોઇ જીના હૈ લલ્લુ ??

ફરી એક સ્ત્રી કબ્જો જમાવવા લાગે દિલો-દિમાગ પર ! સાવ યુવાન વયે વિધવા થયેલી સુંદર..સ્ત્રી..પાનબાઇ.
જ્યારે જ્યારે સાસૂજી અગમ-નિગમની વાતો કરતાં કરતાં સમજાવે...' વિજળીને ચમકારે મોતિડા પરોવો પાનબાઇ....અચાનક અંધારૂ થાશે હો જી.'
અને ત્યારે યુવાન વિધવા...મનોમન કહેતી હશે ને ...બાઇજી...મને તો ખરેખર વિજળીનાં ચમકારા જેટલો જ અલ્પ સમય મળ્યો હતો પ્રીયતમને પામવાનો..અને મે પામી લીધો છે મારા મનનાં માણીગરને !
અને ત્યારે નરસિંહ મહેતો પણ ટહૂકો કરી જતો હશે ને....
પ્રેમરસ પાને તું મોરના પિચ્છધર !
તત્ત્વનું ટૂંપણું તુચ્છ લાગે.
અને આ બધા સમયે પેલો...સૂત્રધાર મલક મલક હસતો હશે ને ?

પેલી અમૃતા પ્રીતમ કંઇ ગાંડી ન હતી...કે કહે...
'માત્ર બે રજવાડા હતાં---
એકે મને અને એને હદપાર કર્યા હતા,
બીજાનો અમે બન્ને એ ત્યાગ કર્યો હતો.'
અને..મીરાં..પડઘો પાડે..
એ..રી..મૈ તો પ્રેમ દિવાની મેરા દર્દ ન જાને કોઇ !

અને..ફરી કાનમાં અજવાળું રેલાવા લાગે...
'તેરે જમાલ સે રોશન હૈ કાઇનાત મેરી,
મેરી તલાશ, તેરી દિલકશી રહે બાકી,
ખુદા કરે કે યે દિવાનગી રહે બાકી.'
આહા...આહા...એ જમાલ...એ તલાશ...અને એ દિવાનગી !! જુગ જુગ જીવો દિવાનાઓ ! કોઇને ચાહવું...ચાહતા રહેવું....અને ફના થઇ જવુ.....યા ખુદા.....ઐસા હી હો !! એ સનમ...તું જ અલ્લા.....તું જ ઇશ્વર...તું અમર ને...તું જ નશ્વર. _પારુલ ખખ્ખર

તનગમતાં થયા પછીજ મનગમતાં થવાય છે એ સત્ય છે કારણકે શરીરને અવગણીને પ્રેમ થઇ શકતો નથી._પારૂલ ખખ્ખર

# પ્રેમ નામે ભ્રમણા

નેહલ મહેતા
nehalnatural@gmail.com




જર્મન ફિલસૂફ આર્થર શોપેનહોર કહે છે, Love is an illusion! પ્રેમ એક ભ્રમણા છે. 'અમે' નામની વાર્તામાં ચંદ્રકાંત બક્ષી લખે છે: સહન કરતાં કરતાં ફાવવાની જે પ્રણાલિકા પડે છે એને બહુ રૂપેરી નામ આપ્યું છે...પ્રેમ...જ્યાં સુધી ઉત્પત્તિ અને વિકાસ માટે સ્ત્રીની જરૂર છે ત્યાં સુધી પ્રેમમાંથી છુટકારો નથી! સુરેશ દલાલે લખ્યું છે કે પ્રેમમાં હોઈએ ત્યારે દરિયા કિનારે બેઠા હોય એવા રોમાંચનો અનુભવ થાય, પણ પ્રેમ ઓસરી જાય પછી રેતી સિવાય કશાનો અનુભવ થતો નથી. નિષ્ફળ ગયેલાં પ્રેમ વિશે સુરેશભાઈ બહુ વેધક રીતે લખે છે કે, "તારા પ્રેમપત્રો વાંચું છું....કોઈ જ્યોતિષી મરેલાં માણસની કુંડળી વાંચતો હોય એમ!"  કટાર લેખક જય વસાવડા પ્રથમ નજરના પ્રેમને વાસ્તવમાં પ્રથમ નજરનો જાતિય આવેગ ગણાવીને પ્રેમનું બાયોલોજીકલી વાસ્તવિક નિરૂપણ કરાવે છે.

આમ તો સ્ત્રીઓના પ્રેમ વિશેના ક્વોટ્સનો અભ્યાસ કર્યો નથી, પણ ઉપરના બધાં જ પુરુષ લેખકોના ક્વોટ્સમાંથી પ્રેમ માટે કડવાશ અને નકારાત્મકતા વધારે છલકતી જોવા મળે છે. પુરુષ માટે પ્રેમની નિષ્ફળતાના ડંખ સાથે આખી જિંદગી જીવવી અને જીરવવી અઘરી હશે એમ લાગે છે. ઘરમાં કોઈ દીવાલ પર કેલેન્ડર લટકતું હોય છે અને ક્યારેક વ્યસ્તતા વચ્ચે એકાદ-બે મહિના માટે કેલેન્ડરનું પાનું ફેરવવાનું રહી જાય છે, પણ એથી સમયની ગતિ અટકતી નથી. પ્રેમનું પણ આવું જ છે. સમયની સાથે જીવનની ડાયરીમાં નવા નવા પ્રકરણો લખાવાની પાના ફરતાં જાય છે, તેમ છતાં પ્રેમનું પાનાનું સ્મરણ એવું ને એવું અકબંધ રહે છે.

એક વિખ્યાત મેસેજ સોશિઅલ મીડિયા અને સેલ ફોનમાં ફરતો થયો હતો કે છોકરીઓ વૃક્ષ પરનાં સફરજન જેવી છે. ઉત્તમ ગુણવત્તાનાં સફરજન ઝાડની ટોચે છે. ત્યાં સુધી પહોંચવાની છોકરાઓને તસ્દી લેવી નથી કારણ કે તેમને ઝાડ પરથી પડી જવાનો અને ઘૂંટણ છોલાવાનો ડર લાગે છે. તેના બદલે તેઓ જમીન પર પડેલાં પરંતુ વીણવામાં સરળ નિકૃષ્ટ ગુણવત્તાના સફરજન લઈ લે છે. ઝાડની ટોચના સફરજનને લાગે છે કે તેમનામાં કંઈક કમી છે. ખરેખર આ સફરજન અદભુત છે, પણ યોગ્ય છોકરો આવીને ઝાડ પર છેક ઉપર સુધી પહોંચીને એને પામવાની જહેમત ના ઉઠાવે ત્યાં સુધી તેમણે રાહ જોવી રહી. આત્મવિશ્વાસના અભાવે અને શંકા તથા મૂંઝવણ કેરા સ્વભાવે કોઈ સુંદર છોકરીને approach કરવાથી સંભવિતપણે મળનારા reproach (ઠપકો)થી જન્મતી અસલામતીની ભાવના પ્રગટ કરતાં મારા એક કાવ્યથી આ લેખનું સમાપન કરીએ:

પ્રપોઝ કરીએ તો આબરૂના ઊડે લીરેલીરાં
અમારા તો બધાં વેલેન્ટાઈન્સ ડે કોરેકોરાં !

હતું જે કંઈ મારી પાસે સંવેદનાનું પ્રવાહી
નિંદકો સદા કાઢતાં રહ્યાં એમાંથી પોરેપોરાં !

વરસી ગયો એનો પ્રેમ ધોધમાર બીજે ક્યાંક

ને આવ્યા મારા ભાગે લુખ્ખાં-સૂકાં ફોરેફોરાં !

બાળક અને યુવાનમાં જખ્મનો એક ફર્ક મેં જોયો
એકનું છોલાય ઘૂંટણ ને બીજાનું દિલ ચૂરેચૂરાં !

પ્રભુની જેમ પ્રિયાને પામવાનો મારગ પણ શૂરાનો
અચ્છા અચ્છાનાં હાલ થતાં મેં જોયાં છે બૂરેબૂરાં !

તરસું હું કે ક્યારે પડે એની અમીદ્રષ્ટિ મુજ પર,
ઝલક એની પામવા મંડાય લોકોનાં ડોળેડોળાં !

મુજ જખ્મી દિલની વેદનાની કોને કંઈ પડી હોય?
આંસું એના લોહવાં રૂમાલ ધરી ધસતાં ટોળેટોળાં !

વર્ણવ્યવસ્થા સાબૂત છે એનો છે આ એક સબૂત
કાળાંની સાથે કાળાં અને જોશો સાથે ગોરેગોરાં !

લાગ્યું કે વ્યર્થ ગયા એની પાછળનાં મારા ફેરાં
જોઈ મેં જ્યારે ફરતી એને અન્યની સાથે મંગળફેરાં !

પ્રેમનું છે પારાયણ એટલે ચાલ્યું આટલું લાંબું,
જુઓ લખ્યાં છે મેં શેર કુલ દસ અંકે પૂરેપૂરાં ! _નેહલ મહેતા

પ્રેમ એટલે...આ શબ્દને વ્યાખ્યાયિત કરવા કરતા તેને જીવવામાં ખરો આનંદ છે!!. _કુમારજીનેશ શાહ

પ્રેમ એ ઇશ્વરીય અહેસાસ છે,એક કોમળ અનુભૂતિ છે
રેખા પટેલ

sakhi15@hotmail.com



પ્રેમ એક એવી કોમળ અનુભૂતિ છે,
પ્રેમ અમૂલ્ય છે જે પૈસાથી ખરીદી શકાતી નથી.
પ્રેમ એટલે આત્માનુ સમર્પણ, પ્રેમ એટલે બે હ્રદયનુ એક થવું
પ્રેમ એટલે સુખનું વહેતું ઝરણું
પ્રેમ એટલે ફલાણુ ઢીકણુ....વગેરે વગેરે..

પ્રેમ વિશે લાખો રીતે લાખો લોકોએ પોતપોતાની સમજણ મૂજબ જેટલો પ્રેમ જેને અનૂભવ્યો હોય એ રીતે એમની સમજણ પ્રમાણે અભિવ્યકત કર્યો છે...આજની તારીખે દર દસ પુસ્તકોમાંથી પ્રેમ વિશે બે પુસ્તકો પ્રકાશિત થતા રહે છે.

પણ પ્રેમ હક્કીતમાં શુ છે?એ કોઈ વ્યક્તિ છે?શું તે દેખાય છે તે ગોરો છે કે કાળો છે?શું તેને શરીર છે કે આત્મા છે?

આ પ્રેમ છે કોણ ? શું ચીજ છે જેની પાછળ દુનિયા પાગલ છે.પ્રેમ ઉત્પન્ન થતા કોઈએ જોયો નથી પણ જેના દિલમાં ઉત્પન્ન થાય છે તે આપમેળે જ સમજી શકે છે કે મને આ માણસ પ્રત્યે પ્રેમ થયો છે..આપણે કહીએ છીએ પ્રેમ ઇશ્વરીય તાકાત કે અનૂભૂતિ છે..પ્રેમની શરૂઆત બહુ સરળ,રોમાંચકારી અને દિલને ખૂશહાલીની મૌસમ જેવો લાગે છે..પણ સમય જેમ જેમ વિતે છે એમ સરળ લાગતો અને વિસ્મય જગાવતો પ્રેમ ક્યારેક અઘરો અને અટપટો લાગે છે...છતા પણ પ્રેમ એ પ્રેમ છે..દર્દ હોય કે સુખ..પ્રેમમાં મળતું બધુ સ્વીકાર્ય હોય છે...જો દર્દ અને સુખનો ભાવ પ્રેમમાં ના મળ્યો હોય તો આટલી ગઝલ,નઝમ,કવિતાઓ અને વાર્તાઓનું સર્જન જ ના થઇ શકે...પ્રેમની નક્કર અનૂભૂતિ વિનાનું સાહિત્ય હમેશાં બેજાન લાગશે..

એટલે તો ઘણા કહે છે પ્રેમ એ ભૂત જેવો હોય છે..કોઇએ જોયો નથી..પણ એની કલ્પના કરી શકે છે.. અને આ વાત પણ સાચી છે.સાચો પ્રેમ મરતો નથી અને છોડતો પણ નથી.સામી વ્યક્તિની હયાતી હોય કે નાં હોય પ્રેમની ભાવના માં કોઈ ફેર નાં પડે તો સમજજો તેજ સાચો પ્રેમ છે..એટલે તો પ્રેમને લોકો પૂજા પણ કહે છે...

જિંદગીની સફરમાં કોઇ હમસફરનો સાથ અધવચ્ચેથી છુટી જાય છે..કોઇનાં પ્રિય પાત્રનું અચાનક ફાની દુનિયા છોડીને ચાલી જવુ..કોઇ મજબૂરીના કારણે પોતાના જિવથી વ્હાલા સાથીનુ જીવનમાંથી બાકાત થઇ જવું...છતા પણ પ્રેમ જો સાચો હશે તો જિંદગીના છેલ્લા શ્વાસ સુધી જે જિવનમાં નથી એ પાત્રની સામેનો પ્રેમી પૂજા કરતો રહે છે...

જો આ ઘટના જીવન પહેલા પ્રેમની સાથે બને ત્યારે એની દર્દનાક હક્કીતને વર્ણન કરવા માટે શબ્દો મળતા નથી...અને આજ સુધી દુનિયામાં મોટે ભાગે બનતું આવ્યુ છે ઘુટન,વ્યથા,દર્દ,રૂદન,એકલતા,સતત છુટી ગયેલા પ્રિય પાત્રની તરસ માનવીમાં એક કલાકારને જન્મ આપે છે....અને આ જ કલા પ્રિય પાત્રને ગુમાવ્યા પછી આવેલા ડીપ્રેસનમાંથી મુકિત આપે છે...અને આ જ કલા જ્યારે વિશ્વ સામે આવે છે..વાંચનારની આંખનો ખૂણો ભીનો કરે છે અથવા હોઠો પર સ્મિત લાવી દે છે...

પ્રેમમાં માત્ર પામવું એ જ જરૂરી નથી પણ પ્રેમ એટલે મબલખ આપતા રહેવું એ જરૂરી છે..સમર્પણ અને અપેક્ષા વિહિન પ્રેમ એ દુનિયાની એક વિરલ ઘટના છે.. પોતાના પ્રિય પાત્રને આપીને જો આનંદ થાય તો માનજો આ જ સાચો પ્રેમ છે...અને સામેનું પાત્ર કાંઇ પણ આપવા જે તે સંજોગોમાં સક્ષમ નથી અથવા પરિસ્થિતિના કારણે એ મજબૂર છે..અને ત્યારે તમે એમ વિચારશો કે હું જે કાંઇ પ્રેમના નામે કરૂ છુ સામે એ મારી દસમા ભાગની અપેક્ષા સંતોષી શકતી નથી...તો વિચારજો કે તમારા પ્રેમમાં એક કમી આવી ગઇ છે..કારણે કે પ્રેમના નામે સામેના પાત્ર પાસે કંઇક અપેક્ષા રાખે એ સાચો પ્રેમ ના હોઇ શકે..કોઇ ફળની આશા વિના કર્મ કરો સિધ્ધાંત સાચા પ્રેમને પણ લાગુ પડે છે...અને એ જ સાચો પ્રેમ છે.

પ્રેમના અહેસાસનું જતન કરવું ખૂબ જ જરૂરી છે.આ માટે ક્યારેક અંતરની અવ્યક્ત લાગણીઓને વ્યક્ત પણ કરાવી જોઈએ..જો મનમાં ખુશી હોય અને તેને બહાર લાવવામાં આવે તો તેની સુગંધ ચારેકોર ફેલાય છે.બસ તેવી જ રીતે પ્રેમને અંતરમનમાંથી બહાર ફેલાવો તો તેની સુવાસ તમને પણ મહેકાવી જશે..મનમાં પ્રેમ હશે તો પાનખરમાં પણ વસંતનો અહેસાસ થશે.પણ જો દિલમાં પ્રેમનો અહેસાસ ન હોય તો મનને કોઈ ખુશી સ્પર્શતી નથી. બધું હોવા છતાંય જીવનમાં એક અજીબ ખાલીપો વર્તાય છે..."પ્રેમ એ ઇશ્વરીય અહેસાસ છે."

મોટા ભાગના પ્રેમ સંબંધો ટુટવાની પાછળ મોટે ભાગે આવી ઘટનાઓ જવાબદાર હોય છે..જ્યારે સામે વાળા પાત્ર તરફથી તમારા પ્રેમની સામે એનો પ્રેમ ઓછો લાગે કે અથવા તમારા પ્રત્યે થોડો અલિપ્તતાનો ભાવ આવી જાય છે..ત્યારે સામે વાળું પાત્ર જો પુરતું સમજદાર ના હોય તો દિલની બદલે મનથી વિચારીને નિર્ણય લે છે અને સામે વાળા પાત્ર પર દોષારોપણ શરૂ કરી દે છે...જ્યારે આ સમયે સામે વાળા પાત્રએ આવું શા માટે કર્યુ એ જાણવા માટે એને પુરતા વિશ્વાસમા લેવું જરૂરી છે અને આ ઘટના પાછળ કયું તત્વ જવાબદાર એ જાણવાની પૂરે પૂરી કોશિશ કરવી જોઇએ...અને સામે વાળાને પાત્રને આવા કટોકટીના સમયે એ અહેસાસ સતત આપતો રહેવો જોઇએ કે હું હમેશા તારી સાથે જ છુ.એટલે તો કહે છે એ પ્રેમ આંધળો છે...સામે વાળી વ્યકિત ગુણ અને દોષ સહિત અપનાવી લેવી એટલે પ્રેમ...કારણકે પ્રેમ કરનારને પોતાના પ્રિય પાત્રના કદી દોષ દેખાતા નથી..

અને સાચો પ્રેમ હોય તો યાદ રાખજો..જે તમારૂ છે એ તમારૂં જ રહેવાનું છે અને તમારી પાસે મુળ સ્વરૂપે પાછું આવવાનુ છે...અને જો ના આવે તો માની લેજો કે તમારા પ્રેમમાં કાંઇક ખામી છે..
જે તમારું છે તેને પ્રેમ આપવામાં અને પ્રેમ માગવામાં કદીયે કચાશ ના રાખશો"હક આપો છો તો તમે એની પાસેથી વણમાગે લેવાનો અધિકાર ધરાવો છો" પ્રેમ,એ તો આરાધના છે તેમાં ડૂબી જાઓ તો જ તેની મહત્તા સમજી શકો...આ સંબધોની ચરમસિમાં સુધી પહોચવા કેટલીએ મુસિબતો અને વિકટ રાહમાંથી પસાર થવુ પડે છે

પ્રેમના તો ઘણા પ્રકારો છે,જરૂરી નથી કે પ્રેમ અલગ બે વિજાતીય વ્યક્તિ વચ્ચે જ શક્ય બને છે...એ પ્રેમના એક અલગ પ્રકાર છે એને કહે છે સ્નેહભાવ...આ સ્નેહભાવ પુરુષ પુરુષ વચ્ચે,સ્ત્રી સ્ત્રી વચ્ચે અને સ્ત્રી અને પુરુષ વચ્ચે જન્મી શકે છે..

કહે છે સંબંધ એ દુનિયાનું મહેકતું ઉપવન છે.માટે સંબંધોને સારી રીતે જીવવા હોય તો તેને સ્નેહની સાથે સમજણથી પણ સીંચવા પડે..જેમ પાણી વગર ગમે તેવું વટ વૃક્ષ પણ સુકું થડિયું બની જાય છે..એ જ રીતે સ્નેહ સિંચન કાયમી નહી થતુ હોય તો ગમે તેવો સ્નેહ સબંધ નીરસ બની જશે.તો આવા વખતે,"લાગણીનો મીઠો ઝરો ધીમે ધીમે સુકાતો જાય છે આથીજ દરેક પ્રેમ સબંધમાં મીઠાસનું ખાતર પાણી જરૂરી છે,લાગણીઓનાં જે રીતે થવા જોઇએ એવા પરસ્પર આદાન પ્રદાનમાં કંજુસાય ના કરવી જોઇએ..અને લાગણીઓ જો અતિરેક થાય તો સામે છેડે મુશ્કેલી સર્જી દે છે..

અવિશ્વાસ અને ભરોસોના કમી એટલે કે જાણે ઉકળતા મીઠાં દુધમાં ચમચી ખટાસ જે દુધ અને પાણી અલગ કરે છે"
જયારે આ વાત સમજાય છે ત્યારે ઘણું મોડું થઈ જતું હોય છે,સબંધોનો નાજુક છોડ સંબધો બાંધ્યા સાથે ખીલી ઉઠતો નથી.એ છોડ આંબાની કલમની જેમ તમારા વર્ષો અને ધીરજની કસોટી કરે છે તેને હમેશાં લાગણીનું ખાતર અને ધીરજનુ પાણી આપી માવજતથી ઉછેરવો પડે છે..અને જ્યારે આ છોડ વિકસીને ઝાડ બની જાય ત્યારે સંબધોની મીઠાસનાં ફળો ઉગવા માંડે છે...અને એની મીઠાસ આજીવન માણવા મળશે..

પ્રેમ સંબંધોમાં લાગણી અને સંવેદનાનો અતિરેક થતો રોકવો બહુ જરૂરી બને છે,કારણકે દરેક જગ્યાએ લાગણીનો ધોધ પાત્રની ક્ષમતા ચકાસ્યા વિના વહાવી દેવાય નહી.."જેમ અતિ વરસાદ લીલો દુકાળ ભેટમાં ધરે છે"..ધરતી પર નદી નાળા તળાવો અને માણસોને જોઇએ એટલુ પાણી વરસ્યા પછીનો વરસાદ કશા કામનો નથી..અને એ વરસાદનું બધું દરિયામા જવાનુ છે..કારણકે નદી તળાવો કે ધરતી હવે પાણીને સમાવી શકે એવી ક્ષમતા ધરાવતા નથી..આ જ વસ્તું અહીંયા લાગુ પડે છે..આપણે જેટલા સંવેદનશીલ હોઇએ તો એટલા જ આપણી આસપાસના લોકો પણ એટલા જ સંવેદનશીલ હોય એ જરૂરી નથી?અને તમે તમારી લાગણી અતિરેક કરતા રહો અને સામેથી જયારે તમારા જેમ લાગણી વરસે નહી તો વખતે પથ્થર સાથે માથું અફળાયું હોય એવો આઘાત લાગે છે...

એક પક્ષીય પ્રેમમાં હંમેશા દુઃખ મળવાનું છે આવા પ્રેમથી દુર રહેવું જોઈએ કારણકે આવા સબંધોમાં આપણી ઈચ્છા મુજબનું ક્યારેય મેળવી શકતા નથી અને આવા વખતે નાશીપાસ થવા સીવાય બીજો કોઈ માર્ગ રહેતો નથી આજકાલ આવા લોકો ડીપ્રેશનનો ભોગ બની પોતાની જિંદગી હાથે કરી ખરાબ કરે છે..

દરેક સબંધની પ્રેમની એક આગવી ગરીમા હોય છે..આ ગરીમાને જાળવી અને સમજીને સમાજના દાયરામાં રહીને જીવવામાં આવે તો..એવા સબંધો મહેકી ઉઠે છે.પછી તે ગમે તે સ્વરૂપે હોય.."સાચી સમજ સાથેના સબંધો કે વેદનાઓ તમને ઉચી જગ્યા ઉપર પહોચાડી શકે છે. અને તેનાથી વિરુદ્ધ રીતેની સંવેદનાનો અતિરેક જીવનમાં ખાનાખરાબી સર્જે છે.
જેને પ્રેમ કરતા હોત તેને કદી નીચો પાડવાની ભૂલ નાં કરાવી જોઇએ અને સાથે સાથે તેની મહત્તા જરાય ઓછી નાં આંકવી જોઇએ..કારણકે સાચા પ્રેમમાં જેને તમે પ્રેમ કરો છો એ દિનિયાની શ્રેષ્ઠ વ્યકિત છે એવો ભાવ એના પ્રત્યે હોવો અંત્યત જરૂરી છે..

પ્રેમમાં મુખ્ય આધારસ્તંભ છે વિશ્વાસ..”પ્રેમ અને વિશ્વાસ.”લાંબા સમય સુધી ટકાવી રાખવા માટે ઘણી સમજુતી કરવી પડે છે,પણ જ્યાં પ્રેમ અને વિશ્વાસ હોય...એના માટે માત્ર સમજુતી તો જ કોઇ પણ પ્રકારનુ બલિદાન હસતા મુખે આપતા અચકાવુ ના જોઇએ.. પ્રેમમાં બે વ્યક્તિઓ વચ્ચેની સમજ બે અલગ અલગ વિચારસરણી ધરાવતા બે અલગ મનનું એક પણ થવું જરૂરી છે..અહી બંને વ્યક્તિઓ વચ્ચે સમજણ સેતુથી પરસ્પરને જોડી રાખે છે.. અને ત્યારે પ્રેમમાં એકતા વધે છે...અને આવા પ્રેમમાં સ્થળ જે કાળનું કોઇ મહત્વ નથી...વિશ્વનાં કોઇ પણ વસતા બે માણસ વચ્ચે આ વિશ્વાસ અને પ્રેમના કારણે સમજણ સેતું બધાય શએ..આપણે ઘણી વાર વાંચીએ છીએ..વિશ્વના બે અલગ અલગ દેશની બેવ્યકિત સોશિયલ નેટવર્કમાં મળી અને એક થઇ ગઇ..

પ્રેમની સંવેદના ખૂબ નાજુક અને અંગત અનુભૂતિ છે.તેની પ્રદર્શન કદી ના કરવું જોઈએ
આજકાલના યુવાનોમાં ફેશન બની ગઈ છે કે પોતાના મિત્ર વર્તુળમાં મોટાઈ બતાવવા પોતાના પ્રેમની સાથે વિતાવેલી અંગત ક્ષણોનું અને તેમાં કરેલા કારનામાઓને મસાલા ભભરાવી ચટાકેદાર બનાવવા વાતને વધારી કહેતા હોય છે.આમ કરવામાં તેઓ ભૂલી જાય છે કે તેના સાથી મિત્રની લાગણીઓનું ઠંડા કલેજે કતલ કરી રહ્યા છે ,આ એક વિશ્વાસઘાત કહી શકાય..

સામાન્ય રીતે હું પ્રેમમાં વિશ્વાસઘાતને માનતી નથી,જો સાચો પ્રેમ હોય તો ત્યા "વિશ્વાસઘાત એ બેવફાઇ જેવા શબ્દને કોઈ અવકાશ નથી હોતો "પ્રેમ જો હોય છે તો બસ પ્રેમ જ હોય છે,અને નથી હોતો ત્યાં કશુજ નથી હોતું ના વિશ્વાસ ના વિશ્વાસઘાત "

હા એકબીજાથી દુર થવામાં કે અમુખ થવામાં કોઈ કે કારમી ક્ષણ કે વિપરીત પરિસ્થિતિ અવશ્ય ભાગ ભજવતી હોય છે..આવા વખતે જેતે સાથી ઉપર સંપૂર્ણ દોષ દેવો ઉચિત નથી ,જો પ્રેમમાં અલગ થવાની સ્થિતિ આવે તો એકબીજા ઉપર દોષારોપણ કરવાને બદલે મીઠી યાદો સાથે લઇ છુટા પાડવામાં પ્રેમની મહતા અને મીઠાસ જળવાઈ રહે છે ,જો અલગ થવાનું નિર્માયું હોય તો કડવાશ લઈને શા માટે? _રેખા પટેલ ( વિનોદિની)

> પ્રેમ એટલે કારતકથી આસો સુધી લીલુંછમ રહેતું કોઈ ઝાડ... _જોગી જસદણવાલા

## પ્રેમ,પ્યાર,દોસ્તી,ઇશ્ક યહ સબ કયાં હૈ

*નરેશ ડોડીયા*
*narend55@gmail.com*



પ્રેમ -આજ સુધી આ વિષય પર લાખો-કરોડો લેખ લખાયા હશે,પણ પ્રેમ એટલે શું,કોઇ એનાં તળને માપી ન શકયું.

પ્રેમ શું છે એ તો ત્યારે જ ખબર પડે છે જ્યારે એ પુરુષની જિંદગીમાંથી એનાં પ્રેમનું મુખ્યપાત્ર ચાલ્યું ગયું છે,અથવા ટેમ્પરરી બ્રેકઅપ થયું છે,અથવા સંજોગોને આધિન થઇ એ પ્રેમનું મુખ્યપાત્ર પ્રેમની ધારાથી અલિપ્ત થઇ ગયું છે.ત્યારે જ સાચો પ્રેમ શું છે એ એને સમજાઇ છે,અને પછી બાકીની સ્ત્રીઓને એ પ્રેમ કરતો હોય છે,એમાની એક પણ સ્ત્રી એ મુખ્યપાત્રના સ્થાને ગોઠવાઇ શકતી નથી.એ પુરુષની પ્રેમની ઝંખના તો એના મુખ્ય પાત્ર સાથે જ જોડાયેલી રહે છે.

પ્રેમ નથી આધ્યાત્મિક,નથી ખુદાઇ..પ્રેમ એટલે આત્માથી લઇને શરીરને એક જ સાથે સોટકા લાગણીથી તરબતર ભીંજવી નાખે છે.કોઇ વ્યકિત એટલી હદે નખશીખ ગમી જવી કે જાણે એ વ્યકિત વિના મારું આયખું મરણપર્યંત અધુરું છું.

હું કાંઇ સંત નથી કે આધ્યાત્મિક પ્રેમ કરી શકું.લોકો ઇનર બ્યુટીની વાત કરે છે,આત્મા સુંદર હોવાની વાતો કરે છે.પણ એ વ્યકિતની નીકટ આવ્યા વિના કંઇ રીતે જાણી શકો કે જેટલી એ બહારથી ખૂબસૂરત દેખાઇ છે એટલી જ અંદરથી ખૂબસૂરત છે.સંવાદો અને નીકટતા વિના શકય નથી કે તમે એની આંતરીક ખૂબસૂરતીને પરખી શકો.

ઘણા લોકો એમ કહે છે કે પ્રેમ એટલે બે આત્માઓનું મિલન છે.આપણા પુરાણોંમાં એમ કહેવામાં આવ્યું છે કે,"શરીર એ આત્માનું પ્રવેશદ્વાર છે.".

એક માનવી તરીકે જો પ્રેમમાં શારિરીક મિલન વિનાં પ્રેમના આત્મિય મિલનનો આંનદ પામી શકતો હોય એ માણસને ખરેખર એક સંત ગણવો જોઇએ."ઇનરબ્યુટી"શબ્દને વારેવાંરે ઉછાળીને પોતાનાં પ્રિયપાત્રને ખૂશ કરી શકાય...જો પ્રેમ સાચો હોય તો કશું જ અશક્ય નથી...પણ સાચો પ્રેમ એટલે શું?

બસ એટલા માટે જ પ્રેમ વિશે જે કાંઇ લખાઇ છે...દુનિયાભરનાં પ્રેમીઓ માટે ફકત એક અધુરો,ક્રમશઃ લેખ સિવાઇ કશું જ નથી..

જોકે મારા માટે પ્રેમ એ માણવાનો વિષય નથી,પ્રેમ એ લખવાનો વિષય નથી,પ્રેમ એ ચર્ચા કરવાનો વિષય નથી.પ્રેમ એ તો ફકત અને ફકત કરવાનો અને અનૂભવવાનો વિષય છે.

અત્યાર સુધીની ઘણી ગઝલ અને કવિતા લખી છે...મને યાદ નથી કે મારી એક પણ રચનામાં કદી મે "નફરત" કે "બેવફાઇ" શબ્દનો ઉપયોગ કર્યો હોય....?

મોટે ભાગે ઉર્દુ ગઝલ અને અન્ય ભાષાની ગઝલોમાં બેવફાઇ કિસ્સાઓને સાંકળીને રચનાઓને ભરપૂર પ્રતિસાદ મળે છે..અને મોટે ભાગે "ઉનકી બેવફાઇ"કે કિસ્સેવાળી રચનાઓ ભરમાર જોવા મળે છે..એક લેખક કે એક કવિ તરીકે મારૂ ચોક્કસ માનવુ છે કે જેને તમે પ્રેમ કર્યો છે..કોઇ પણ કારણસર કે વિના કારણ તમારા પ્રિય પાત્ર સાથે સંબધો તુટે છે..ત્યારે મોટે ભાગે જો કોઇ સામાન્ય માણસ હોય જે કવિ નથી..જેને લખતા આવડતુ નથી..એ મોટે ભાગે શરાબ કે અન્ય કોઇ પાત્ર સાથે જોડાય જશે...પણ જે કવિ કે ગઝલકાર છે...એ લોકો પોતાના એક સમયના પ્રિય પાત્ર માટે નફરત કે બેવફાઇની વાતોને સાંકળીને ગઝલ કે કવિતા લખે છે....હા.આવી રચનાઓમાં ચોક્કસ દર્દ નજરે ચડે છે..પણ મારૂ એવુ માનવુ છે કે જેને તમે પ્રેમ કર્યો છે અથવા કરતા હતા..એના માટે ફરિયાદ હોઇ શકે પણ નફરત ના હોય શકે...સાચો પ્રેમ એ જ છે કે તમારા પ્રિય પાત્રની ખૂશી ઇચ્છતા રહેવાની હોય છે....એ પછી એ પાત્ર તમારા જીવનમા હોય કે ના હોય એ જરૂરી નથી...કારણકે જો સાચો પ્રેમ હોય તો ત્યા બેવફાઇનુ સ્થાન નથી..

મોટા ભાગના પ્રેમ સંબંધો તૂટવાના એક કરતા ઘણા કારણો હોય છે..પહેલુ કારણ પ્રેમીમાં ધીરજનો અભાવ..બીજુ વધારે પડતો માલિકીભાવ(પઝેસિવનેશ),ત્રીજુ કારણ શંકા,ચોથુ કારણ સામે વાળાની અનૂકૂળતા જોયા વિના સતત એની સાથે કનેક્ટ રહેવાની વૃતિ..પાંચમુ કારણ સામે વાળો તમારી પાસે શુ જોઇએ એ ઇચ્છા જાણ્યા વિના બસ તમારે શુ જોઇએ છે,એ વાતનુ એ પાત્ર સામે સતત રટણ કરતા રહેવુ..અને આ સિવાય ઘણા એવા પરિબળો છે જે તમારા સંબધોને મજબૂત બનાવવામાં બાધારૂપ બની શકે છે....

પ્રેમની વિશાળતા દરિયાના પટથી મોટી લાગે છે...પ્રેમની વિશાળતા નભના ઘેરાવાથી મોટી લાગે છે...પ્રેમની લંબાઇ દુનિયાની તમામ સડકોથી લાંબી લાગે છે....ટુકમાં પ્રેમને પરિસિમામાં બાંધી ના શકીએ...પ્રેમને કોઇ પરિમાણમાં આંકી ના શકાય....દુનિયામાં પ્રેમ અને લાગણી બે જ એવી વસ્તુ છે જે પૈસાથી મળતી નથી.....જ્યાં દરિયાદિલ જેવી ઉદારતાના ધણીની સખાવતોની કિંમત ઓછી પડે છે..પૈસા આપીને સ્ત્રીના દેહને ખરીદી શકો છો....દહેજનો દલ્લો આપીને કોઇ ગરીબ કન્યાને પરણી શકો છો...પણ કોઇ પણ સ્ત્રી કે છોકરીના હ્રદયને કે હ્રદયમાંથી નીકળતા પ્રેમને પૈસાથી ખરીદી શકતા નથી....એના માટે જોઇએ દિલમાં કદી ના ખૂટી શકે...અને લૂટતા પણ વધતી રહે એવી પ્રેમની દોલત.. જેને હદયની લાગણીની તીજોરીમાં જ સાચવી શકાય છે....પ્રેમની દોલત આપવાની હોય ત્યારે પ્રથમ લાગણીની તીજોરી ખોલવી પડે છે...તો જ પ્રેમની દોલત કોઇને આપી શકીએ છીએ..

પ્રેમમાં જો માફ કરવાની ભાવના હોય તો કદી તમે સાચો પ્રેમ કરી શકવાના નથી અને કદી સાચો પ્રેમ પામી શકવાના નથી...અહીયા ફેસબુકમાં ઘણી એવી સુક્ષ્મ ઘટનાઓને હુ લાગણીની આંખોથી જોતો રહુ છુ...ઘણા સ્ત્રી પુરુષોની મિત્રતાની શરૂઆત થતા લાગણીઓના તતુંઓથી જોડાતા રહીએ છીએ..અને મોટે ભાગે એવુ બને છે..સામે વાળી વ્યકિતનુ પદ કે એની હેસિયત કે એનો સામાજીક મોભો જાણ્યા વિના એની નજીક જવાની કોશિશ કરીએ છીએ...જ્યારે પાત્રોમાં સમાનતાનો અભાવ હોય ત્યારે આવી વ્યકિતોના સંબંધોમાં ઉતાર ચડાવ આવ્યા કરે છે..અને ટુક સમયમાં બે પાત્રનુ અસ્તિત્વ ફકત ફ્રેન્ડલિસ્ટ પુરતુ જ મર્યાદિત થઇ જાય છે..

પ્રેમમાં કદી ધીક્કારભાવનો ભાવ ના હોવો જોઇએ...જેને પ્રેમ કર્યો હોય એની માટે ધીક્કાર કદી ના થવો જોઇએ...જે વ્યકિતમા પ્રેમને સમજવાનુ ઉડાંણ હોતુ નથી પછી શરૂ થાય છે..કોમેન્ટ રૂપે ટોન્ટ અને સામેવાળી વ્યકિતને નીચી દેખાડતી લાઇનો જોવા મળે છે...શુ તમને જેને થોડો કે તમારા નશીબમા હતો એટલો પ્રેમ આપ્યો અને એ વ્યકિત જીવનમાંથી ચાલી ગઇ એટલે એ વ્યકિત તમારા માટે પરાઇ બની ગઇ.....મારૂ તો સખતપણે માનવુ છે જે વ્યકિત પોતની જિંદગીની અમુક પળ તમોને પ્રેમના આપી છે એના માટે કડવાશ હોવી જ ના જોઇએ...કદાચ એ વ્યકિત જિંદગીમા ના હોય તો પણ એની યાદને હમેશા જતનથી સાચવવી જોઇએ...કે હા મને થોડો તો થોડો પ્રેમ આપ્યો છે..

શુ આ પ્રેમ છે.?ના........પ્રેમમાં આવી કડવાશને કોઇ સ્થાન જ નથી...પહેલા તો પ્રેમીઓના સંબધો તુટતા એને વાચા આપવા માટે કોઇ એવુ મજબૂત પ્લેટફોર્મ નહોતુ..ફેસબુક જેવા સોશિય મીડિયાને કારણે પ્રેમ અને ધીકાર જતાવવાનુ મજબૂત પ્લેટફોર્મ મળ્યુ છે...

બાકી લવ એ જૂદી ચેલેન્જ છે. એમાં થોડા મર્દ બનવું પડે છે.."!

આ મર્દાનગીનો મતલબ એ નથી કે હથિયારોથી લેશ કોઇ લડાઇ લડવાની છે પ્રેમમા મર્દ બનવુ એટલે...જેને પ્રેમ કરો છો એને સંપુર્ણ આધિન રહેવુ મર્દાનગી છે..જેને પ્રેમ કરો છો એનો જેવો પણ સ્વભાવ હોય એને અનૂકૂળ થવુ મર્દાનગી છે ..જેને પ્રેમ કરો છો એને એકસક્યુઝ થવાનો અધિકાર ના આપવો એને હમેશા હુકમની અધિકારી બનાવો એ મર્દાનગી છે ..જેને પ્રેમ કરો છો એને તમારે કારણે નીચાજોણુ ના થવુ જોઇએમર્દાનગી છે એ ...તમારે એની જરૂર છે એના કરતા એને તમારી કેટલી જરૂર છે એને પ્રાધાન્ય પ્રથમ આપવુ મર્દાનગી છે....જેને પ્રેમ કરો છો એના માટે તમારૂ પદ,તમારૂ સ્ટેટસ,તમારો અહમ,એ બધુ પાછળ છોડવુ પડે એ મર્દાનગી છે ...

સાચો પ્રેમ હોય એ કદી તમોને છોડીને નહી જાય..સાચો પ્રેમ હમેશા એકત્વલક્ષી હોય છે..અને મોટે ભાગે આકર્ષણલક્ષી પ્રેમ હોય ત્યા જ તુટભાંગની શક્યતા રહે છે..સામાન્ય વાતોમાથી મોટા ઝઘડા સુધી પહોચતા વાર લાગતી નથી....અને એકત્વલક્ષી પ્રેમ હોય ત્યા ઝઘડા કે વિખવાદનુ કારણ પ્રેદા થતુ નથી... એકત્વલક્ષી પ્રેમમાં શરીર કરતા સાનિધ્યનો આંનંદ ઉચ્ચકક્ષાનો હોય છે...ઝંખનાઓનો દરિયા જેવો ધમધમાટ હોય છે પણ ફકત પળભરની ગુફતુગુમાં આ દરિયા જેવી ઝંખનાઓ કલરવતા ઝરણા જેવી બની જાય છે...એકત્વલક્ષી પ્રેમમાં એક બીજા પાત્રમા કમી શોધવાની હોતી નથી,ઉલટાનુ બંને પાત્રોમાં જે કાંઇ કમી હોય કમીને દૂર પ્રક્રિયા આપમેળે શરૂ થઇ જાય છે...

પ્રેમ એ આપણાની જ પૂરેપૂરી પ્રવૃતિ છે અને બહું નાજુક ચીજ છે.તેને પીંખી શકાય નહીં.તેની પીંજણ ન થાય.જો વ્યકિત ભાવૂક કે ચંચળ ન હોય તો તેનો પ્રેમ રીતે સંવેદના વાળો હોય શકે?જો વ્યકિતમાં ગહેરાય ન હોય તો તેના પ્રેમમાં કયાંથી ઉંડાણ હોય.માનવી જેવા હોય તેવા તેનો પ્રેમ હોય છે.અલગ અલગ માનવીઓના અલગ પ્રેમ હોય શકે.એટલે પ્રેમની ભાત ઉપરથી નક્કી થઇ શકે કે માનવી કેવો હોય?

અને જે માણસને ભરપૂર પ્રેમ મળતો હોય એના ચહેરે અને એની જિંદગીમા રોનકનુ એક અલગ સ્થાન હોય છે....સૂર્યના પહેલા કિરણની નમણાશ...વર્ષા વરસ્યા પછી ઉઘાડ પછીની ખૂશ્બૂ,ચાંદની રાત જેવી શિતસભર રોશની અને આવી અનેક અલૌકિક કાવ્યમય અનૂભૂતિનો અહેસાસ ચમકતો હોય છે..

હુ નથી થાક્યો હજી સબંધ થી
લાકડી અળગી કરો ના અંધ થી-
-કૈલાસ પંડિત

પ્રેમ,એ તો આરાધના છે તેમાં ડૂબી જાઓ તો જ તેની મહત્તા સમજી શકો.. _નરેશ કે.ડૉડીયા

પ્રેમ એટલે રણછોડરાયનો પ્રસાદ !
એક વાર હાથમાં લીધો એટલે મોઢું બગાડ્યા વિના ચૂપચાપ આરોગી જવાનો આખો મીચીને. _ભરત ત્રિવેદી

# વો હૈ જરા ખફા ખફા

પારુલ ખખ્ખર
parul.khakhar@gmail.com



'મુહબ્બતનામા' કિતાબનુ આ એક ચટપટું પન્નુ ! થોડી નોંકઝોંક..થોડા ઝગડાટંટા..થોડા રિસામણા મનામણા....;) :p
આ બધા વગર પ્રેમની મઝા નહી યાર...
આજે હું કશું નહી બોલુ ! બોલશે માત્ર વોટ્સએપના સંવાદો અને 'દાગ' દહેલવીની આ મજેદાર ગઝલ :)

He: At yr city :)
She : so ?
He: અરે યાર..નિનાદના મેરેજમાં આવ્યો છુ.
She: સરસ.
He: તારી ઇચ્છા હોય તો તુ પણ આવ ને !
She:વિચારીશ..
He: મળવાનુ મન નથી થતુ તને ? આવ ને..પ્લીઝ..
She: ના.
He: એક મસ્ત ગઝલનો શેર મોકલું ?
She:તારી મરજી
He:જો...
उज़्र आने में भी है और बुलाते भी नहीं
बाइस-ए-तर्क-ए मुलाक़ात बताते भी नहीं
She: ઉર્દૂ શેર મને મોકલવા નહી
He: આ શેર નો અર્થ છે...કે પોતે આવવામાં ખચકાટ રાખે છે..મને બોલાવતા નથી..અને ઉપરાંત નહી મળવાનુ કારણ પણ કહેતા નથી.
She :મારે વાત જ નૈ કરવી...
( અમુક કલાક પછી )

He:હેય...તુ આવી? હાશ...
She: હા..મોના એ બહુ આગ્રહ કર્યો એટલે આવી
He:મારા માટે નહી ને? !
She:ના...
He: તુ મારી સામે પણ જોયા વગર પસાર થઇ ગઇ ??? હદ છે....
She: હું ગમે તેની સામે જોતી નથી.
He:ઓહ્હ...મને શું ફીલ થયુ કહું ?
She: ???

He: देखते ही मुझे महफ़िल में ये इरशाद हुआ
कौन बैठा है इसे लोग उठाते भी नहीं

BTW..તારે મારુ મોઢુ પણ ન જોવુ હોય તો હું બહાર ગાર્ડનમાં બેઠો છુ.

She: ઓકે…

He: તને કોઇ ફરક નથી પડતો ને?

She: No…..

( થોડા સમય બાદ…)

He: તું ગાર્ડનમાં દેખાય એ રીતે ગેલેરીમાં શા માટે બેઠી છે?

She: WHAT ???!

He: ;) ;)

ख़ूब परदा है कि चिलमन से लगे बैठे हैं
साफ़ छुपते भी नहीं सामने आते भी नहीं
બચ્ચી..રિસાણી હો તો છૂપાઇને બેસ ને ! સાવ છૂપાવુ પણ નથી સામે આવવુ પણ નથી હદ છે !!!

(થોડા સમય બાદ..)

She: એક વાત કહુ? તુ આજે બહુ હેન્ડસમ લાગે છે <3

She: કોઇ જવાબ નહી ??!!!

He: મેસેજ ફરીથી મોકલ…એમાં એવુ છે કે હં તારા મેસેજ વાંચ્યા વગર ડીલીટ કરી દઉ છુ

She:ભાડમા જા…

He:क्या कहा फिर तो कहो; हम नहीं सुनते तेरी

She:नहीं सुनते तो हम ऐसों को सुनाते भी नहीं

He:વાઉ….તને પણ આ ગઝલ આવડે છે?! ( ફરી મૌન….)

She:પેલી સરગવાની સીંગ જોડે શું લળીલળીને વાતો કરે છે ક્યારનો ?

He: કેમ ? તને તકલિફ પડે છે !! જાડી….

She: બિલકુલ નહી…પણ તારા જેવા ખડૂસ જોડે એ બિચારી નાજુક બાળા શોભે નહી ને !!! હેહેહેહે..

He: તમારે ચિંતા કરવી નહી ઓકે?

She: Hey…

He:મને મેસેજ કરવા નહી ok ?

She:ઓહો !

मुझसे लाग़िर तेरी आँखों में खटकते तो रहे
तुझसे नाज़ुक मेरी आँखों में समाते भी नहीं

He: જરા પોતાને પણ સમજાય એવા શેર મોકલાય…

She: જો..બેટા…આ શેરનો અર્થ એ થાય છે કે… મારાથી દુબળી-પાતળી તારી આંખોને જચતી નથી…તારાથી હેન્ડસમ, સ્માર્ટ મારા મનમાં વસતો નથી. તો આ શું છે ? કંઇક તો છે આપણી વચ્ચે

He: વ્હેમ છે..માત્ર વ્હેમ…

She: અચ્છા? ? વ્હેમ છે? તો આ ગાર્ડનમાં તારી ચેરની સામે આવી ને આ બેઠી..બોલ હવે કહે હું વ્હેમમાં છુ? કે તુ નશામાં છે? નિંદરમાં

છે!!!
He: :( :(
She:plz…

सर उठाओ तो सही, आँख मिलाओ तो सही
नशाए मैं भी नहीं, नींद के माते भी नहीं
He: તુ મને ક્યારેય સમજાતી જ નથી
She:કોશિશ ભી ન કરજે..સ્ત્રીને સમજવાની ન હોય ..માત્ર ચાહવાની હોય..જનાબ..
( થોડા સમય બદ…)
He: શું કરે?
She:લે…તુ જીવે છે હજુ ??
He: આ સમજાય છે?

मुंतज़िर हैं दमे रुख़सत के ये मर जाए तो जाएँ
फिर ये एहसान के हम छोड़ के जाते भी नहीं

She:ના..
He:તને બહુ ઉતાવળ છે ને? કે આ મરી જાય તો એની પાછળ હું પણ મરી જાઉ…અને એક કિસ્સો ખતમ થાય ! પણ સાંભળી લે…હું પણ એક અહેસાન કરુ છુ તારા પર..કે તને છોડીને જઇશ નહી સમજી?
She: આવુ ન બોલ પ્લીઝ….રડવુ આવે છે… શું સાચ્ચે જ બધુ ખતમ થઇ ગયુ છે આપણી વચ્ચે?
He: હા…બાય….ખુશ રહેજે

She: :'( :'( (થોડા કલાકો બાદ..)

She: જે શ્રેયા તને બિલકુલ નહતી ગમતી એની સાથે ડીનર શેર કર્યુ તે !! જેની કમરના ઠેકાણા નથી એની કમરમા હાથ રાખી ડાન્સ કરે છે તુ? બધુ સમજાય છે મને…
He:શું સમજાય છે આપને ??
She: આ…
हो चुका तर्के तअल्लुक़ तो जफ़ाएँ क्यूँ हों
जिनको मतलब नहीं रहता वो सताते भी नहींHe: ???
She: મતલબ કે ..જો આપશ્રીને મારી સાથે કંઇ લાગતુ વળગતુ ન હોય..તો આટલી બધી જફા શા માટે કરો છો સાહેબ ? જેની સાથે બધુ ખતમ થઇ ગયુ હોય એને જલાવવાની તસ્દી પણ ન લેવી જોઇએ.
He: હેહેહેહેહે ;) :P
She : Huh..Huh…
He:એય…મારી બંદરીયા..આવુ તંબુરા જેવુ મોઢુ કરીને ના બેસ ફોટા સારા નહી આવે :P
She : તમારે ઉપાધી ન કરવી ઓકે?
He: હે..હે..હે…બીજુ તો કાંઇ નહી પણ આ તો મારી મમ્મીને તારો એકાદ સારો ફોટો બતાવવો પડશે ને હવે ! ;)
She: What ? Woooow…really ?? great…I m so happy… lv u..lv u..lv u….<3 _પારૂલ ખખ્ખર

# તારા પછી ? - ૨

નિખિલ શુક્લ
shuklnikhil@yahoo.co.in



..તારા પછી પણ ફરક તો પડ્યો જ છે રાહે અને તરાહે જિંદગાનીમાં હવે એ વહેતી નથી ટપક્યા કરે છે અને દરેકે દરેક ટિપું જિંદગિનું આઈન્સ્ટાઈ ના સાપેક્ષવાદને સાચો સાબિત કરતો રહે છે ! , હવે પરત-દર-પરત ડુંગળીઓ અને કોબિજ ના પાનાને જોઇ શકવાની ધીરજ આવી શકી છે..પણ હવે એ તો ઉંમર વધે સમજદારી વધે એટલે આવવું જ રહ્યું ને ! કોઇ નવી વાત તો નથી દોસ્ત.

...હવે તો ખૈર...સાડિઓના પાલવની પણ પેર્ટન યાદ રહિ જાય છે અને અલગ અલગ સાડિઓમાં તું કેવીક શોભતી હોઇશ એને કોઇ augmented reality ની જેમ હું જોઇ શકું છું ! ..અને એમ તો મારો IQ સાવ નગણ્ય તો નથી ને વળી.

હવે જગજિતસિંહની ગઝલો જરા વધારે કેફ઼દાર લાગે છે, આબિદા પરવિનના અવાજની ખારાશ અને ખરાશ ની એક અલગ મજા આવે છે જે પહેલાં નહોતી આવતી. હવે સમજાય છે કે ધરતીનો છેડો એટલે ઘર - એટલે શું ? હવે દાઢી કરતાં બ્લેડ વાગે તો'ય સાલું ગમે છે અને ક્યારેક બ્લેડ વાગ્યા પછીના પરિણામ ની કલ્પના કરીને જાતેજ બ્લેડ વાગવા દઊં છું...એ બેફિકરાઈ પણ કરવા માંડ્યો છું , પહેલાં હું જરા વધારે વ્યવસ્થિત હતો મને સમયનું ભાન રહેતું હતું , હવે તારા પછી તો બરબાદી જ છે સમયની !

હવે અચાનક..અચાન્ક...પેલી દરેક વસ્તુ ગમવા માંડી છે...કપડાં ધોવાનો ધોકો અને પેલું વેલણ પેલો મોટા દાંતા વાળો કાંસકો પણ કોઇ કલાકૃતિ જેવો લાગે એને શું કરીશ ?! બસ એમ જ બાથરૂમ માં નીચે પડેલા પાણીમાં વહેતાં વાળને પકડિને એની લંબાઈને ક્યારેક આંખો વડે માપવાનું એને રમાડયા કરવાનું સહજ થઈ ગયું છે...આ ખાનાખરાબી છે. હવે જીવનમાં લાગે છે કે હું વાસ્તવિક દુનિયાથી અલગ થઈ રહ્યો છું , અને એક તંદુરસ્ત માનસિકતા માટે એ કોઇ સારા લક્ષણ નથી એ સમજાય છે તને...??

નાનિ મોટિ દરેક વાતની કચકચ અને એમાં તારા ઓપિનિઅન અને.... હવે હું જડ થઈ ગયો છું અથવા કોઇ જડ માણસની જેમ સાંભળતો રહું છું આ જડતા જ જો પરિણામ હોય સંબધોનું તો હું એકલો હતો એ સારું હતું.. હસવાની વાત નથી..બકા..નરી વાસ્તવિકતા છે, પણ તને સમજાય તો ને !

....આટલી બધી નજાકતની જરૂર શું છે જિવનમાં ? યાર દુનિયામાં રહેવાનું છે અને કઠોર વાસ્તવિકતાઓથી રૂબરૂ થવાનું છે અને...તને તો જરા હાથ લગાડીએ તો પણ નરમાશથી....આટલું બધું નરમ નરમ..સાચું કહું મને ફ઼ાવતું જ નથી પહેલેથી..અને તુ ખભા ઉપર બચકું ભરી લે એને ચાલવા દેવાનું !!! આટલા વિરોધાભાસ અને નિષ્ઠુરતા તારા કારણે જ આવી છે..પહેલાં હું સત્યને વળગી રહેતો હતો હવે મારા સત્યો ચલાયમાન થઈ ગયાં છે..આ પણ એક તકલીફ઼ તો છે જ તારા પછિની. અને...શું છે...આ કોઇ મલકાઈ જવાની વાત છે ?!?!

..હું સાચે જ મિસ કરું છું એ દિવસો જ્યારે હું સભાન રહેતો હતો, મગજ ઓવરક્લોક થતું હતું હું કરી શકતો હતો, એકસાથે કેટલુંય વિચારી શકતો, હવે તો ખૈર...વાતવાતમાં પેલો તારા હોઠની બાજુનો તલ નજર આગળ આવે ને...બધું રખડી પડે છે..કામ

પણ..વિચારો પણ..હું પણ ! આટલી બધી બદહવાશી પણ તારિ હાજરીના કારણે છે..અને એ કોઇ સારી વાત લાગે છે તને ?! આ તમારા લોકોનું આવું કેમ હોય છે ?!

...ખૈર છોડ એ બધું હવે જ્યારે તું સામે બેઠી જ છે તો સાંભળ કે..તારા વગર પણ જિંદગી ચાલતી જ હતી બલ્કે સરસ જ હતી અને એમ કોઇ મોટો/ખાસ ફરક નથી પડ્યો મારામાં ઉલટું આ એક લાપરવાહિ નું વિચિત્ર સ્વરૂપ વિકસી ગયું છે. અને એ સિવાય બીજી વાત એ પણ છે કે....અને..તને આ હસવું કેમ વારે વારે આવ્યા કરે છે ?! ...હસી લે પહેલાં ! ,...તને કોઇ ગંભિરતા જ નથી કોઇ વાતની... _નિખિલ શુક્લ

પ્રેમ એટલે ક્વોન્ટમ મિકેનિક્સમાં આવતું સ્ટ્રોંગફોર્સ , એનું કારણ ન સમજાય પણ અસરો વડે સચરાચર નભી જાય ! _નિખિલ શુક્લ

# ઉર્મી સાગર

ખુશ્બુ પંચાલ
pkkhushbu@gmail.com



સાગર ,

તારા ઉઠતા કદમ ને હાથ થામી ને ક્યારેય રોકવાનો પ્રયાસ નથી થતો સાગર... આમ તો તારું નામ જ એટલું વિશાળ છે જેમાં તું ગમે તેનો સમાવેશ કરી શકે છે, સાથે તારું દિલ પણ એટલું નાજુક છે જેમાં એક હૂંફ મળે છે કોઈ હોવાની.તારી સાથે ચાલી શકું છું પણ તારા ઉઠતા કદમ તને આગળ જ બોલાવે છે એટલે તને રોકી નથી શકતી. હું તને ચાહી શકું મારા સરળ પ્રકારે; ચાહવાનો એટલો સહેલો પ્રકાર થઇ જા. તારા તરફ થી આવું આમંત્રણ આવતું હોય એટલા મર્મ ના શબ્દો નો સાદ આવ્યા કરે છે.એટલે જ કદાચ તારા સંગે તારી એકમેક થઇ ચાલવા લાગુ છું;

કઈ અજાણ્યું નથી લાગતું એમાં. એહસાસો સહુ વિખૂટા છે એક નાની શી તલાશ માં; વહેતી નદી ને સાગર મળે નજદીક અને આસપાસ માં. ને જાણતા અજાણતા વહેણ નું સરનામું નિશ્ચિત ન હોવા છતાં નીકળી પડાયું અને આમાં ક્યાય ખબર ના હતી કે આ સાગર સાથે મુલાકાત થશે;એનું નામ જાણીતું જ ક્યાં હતું?

"સાગર" આ નામ અને આ શખ્શિયત ને મળ્યા પછી કેમ તેના માં ખોવાતી જાઉં છું તેની ખબર જ નથી. તે નામમાં હું ખુદ ને દેખું છું,એક એવો સાગર જે મારો છે, એક એવો સાગર જે અધિક પોતીકો લાગે છે.તેની સામે કોઈ દર્દ ટકતા જ નથી તે સમાવી લે છે ને ખુદ માં એટલે કદાચ. રંગી દે છે રાતો હોય તો રાતા રંગ માં,આસમાની હોય તો પ્રેમ ના રંગ માં ને લાલાશ પડતો હોય તો હયા ને શફક થી બસ રંગી જ દે છે. ઉદય થતો સૂર્ય સાગર તારી સપાટીએ થી નીકળે છે,તારી સાથે રહેતો દરેક વ્યક્તિ ખુદને ખુબ નસીબદાર મેહસૂસ કરે છે કે એવા સાગર સાથે રહે છે જે સ્વતંત્રતા નો અર્થ સમજાવી દે છે, ને જેવી તેવી નહિ પણ એવી સ્વતંત્રતા કે જે જીવન ની ફિલસૂફીસમજાવી જાય છે.

હું ય લીલોછમ,અડીખમ ને સળંગ ભીનો;
તું ય મુશળધાર થઇ જા;ધોધમાર થઇ જા.

તું ખુબ જ સારી રીતે નવી પાંખો ને ઉડતા શીખવે તેવો સાગર છે.આવી જ રીતે તારી ભીનાશ ની કુમાશ ને તું તરંગોસાથે વહેતી મુકે છે. તું બહાર થી જેટલો પણ ચંચળ ને તરંગીત લહેરો વાળો રહ્યો પણ તારી અંદર અરીસો છે, એવો અરીસો કે જેમાં ઊંડાણ પૂર્વક દરેક ખોવાઈ ને ખુદ ને ભાસી શકે, અંદર નું જીવન તે બહુ જ સારી રીતે ને આ દુનિયા થી છુપી રીતે સાચવી ને રાખ્યું છે તારી એ દુનિયા પણ ખુબ સુંદર છે સાગર. તને માણવા ની મજા છે, ને તને સમજવો આમતો કઠીન છે પણ એટલું જરૂર થી કહી શકાય કે તું નિર્મળતા, નિખાલસતા ને ઉદારતા નો એક અવનવો સાગર છે. તારા ખુદ ની અંદર કેટલી કહાનીઓ છુપાયેલી છે, કેટલીક બોટલ માં બંધ ચબરખી ની જેમ, કેટલી ક તારા રહસ્યો ની,ETC, ETC...

તું હિલોળે ચડે તો મારી શ્વાસો ને કપકાપાવી દે છે ને મૌજ માં હોય તો જાને દુનિયા જ ભુલાવી દે છે. તારા પર વરસવું પણ મને તો થોડું હાસ્યજનક લાગે કારણ કે બૂંદો વરસે તો પણ તું એટલો વિશાળ છે કે એનું અસ્તિત્વ તારા માં અલોપ થઇ જશે. કોઈ તને લાખ

ખુન્દેરી કે લાખ હચમચાવી જાય છતાં તું પ્રયાણ તરફ સ્થિર રહે છે, મને જાણ છે તે બધા જ મોતી તારી કોઈ ઉમદા પ્રકૃતિ ની દુનિયા માં સંભાળી ને રાખ્યા છે તારી એ દુનિયા પણ ખુબ સુંદર છે સાગર. તારી ઊંડાણ ની ઉડાન તે કોઈ ને ભરવા નથી દીધી એનું કારણ મને ખબર છે કેમ કારણ કે હું તને જાણું સમજુ છું એટલે. તું લાખ ખારાશ વાળો રહ્યો ભલે પણ મારા માટે મીઠાશ થી ભરેલો છે. પ્રેમ થી ભરેલો પ્રેમ સાગર, અને અખંડ વેહ્તો ઊર્મિસાગર એ તું છે ડીઅર સાગર, ને હું , હું તારા માં વેહતી એક ધાર છું .

**टेडी मेडी राहों जैसा यह रिश्ता; आती जाती साँसों जैसा यह रिश्ता.**
**थोड़े भीगे थोड़े सूखे हम दोनों; दोपहेरी बरसातों जैसा यह रिश्ता.**

એક એવી ધાર કે જેનું અસ્તિત્વ દર ક્ષણે સ્થળ આધારિત સમય આધારિત નવા નામકરણ કરતુ રહે છે. કઈ ક એવા હાજરો વાંકા ચુકા રસ્તાઓ માં થી પસાર થઇ ને તારા માં ભળી જવાની તારા પ્રકારે રંગાઈ જવાની; તારો સહજ પ્રકાર ધારણ કરવાની આ બધી જ ચાહના લઇ ને નીકળી પડું છું; તારી ભરતી અને ઓટ સાથે મારું સ્થિર છતાં તારા જેવું જ ચંચલ પ્રતિબિંબ લઇ ને ત્યાં જ્યાં મારા વહેંણ નું સરનામું મળે છે મને. મારું અંતિમ સ્થાન ને વહેણ નું સરનામું તારા માં ભળવું ને તારી સાથે જ ચાલવા લાગવું તે છે, હું તારી જ સખી ને તારા માં જ વેહતી એક ધાર છું.

પ્રેમ કુંપળ જળ અભાવે તો મુર્જાશે નહિ;
લાગણી ના વહેંણ સાથે ધસીશું દિલ માં.

આ પ્રણય પથ પર ભલે હું ચાલતો ; જીંદગી ભર પ્રેમ પાગલ તું રહી. આ મને તારા શબ્દો લાગ્યા કરે તું મને હમેશા કહ્યા કરતો ન હોય કે ચાલ મારી સાથે; ને હું પણ ધસમસતા પ્રવાહ ની માફક આમ જ તારો પ્રેમ બની; ઉમંગ ની ઉર્મીઓ બની ; આખા સફર ની સંગીની બની ભળી જાઉં છું તારી સાથે. _ખુશ્બુ પંચાલ (ખુશી)

પ્રેમ એટલે ગંજીપા નું સંતાડેલું પાનું, જેને મળે તે આખી રમત જીતી જાય ! _શિતલ મહેતા

ઇસ બહાને સે મગર દેખ લી દુનિયા હમને

*જય પંડ્યા*

jay.pandya2@gmail.com



લોકો બેવફાઈને પ્રેમ નો વિરોધી શબ્દ ગણે છે

પરંતુ મારા માનવા પ્રમાણે પ્રેમ માં બેવફાઈ આવે જ નહિ

જે રીતે પ્રેમનું સ્વતંત્ર અસ્તિત્વ છે એ જ રીતે બેવફાઈ પણ

અલગ જ ઓળખ ધરાવે છે બની શકે તમે એને પ્રેમ માની બેઠા હો

બાકી જેની પ્રેમ હોય તેની સાથે બેવફાઈ ક્યારેય થઇ શકે જ નહિ .

વાત યાદ આવે છે કોલેજમાં ભણતા એક તરવરીયા છોક્કરાની જે

તેની સાથે જ ભણતી એક ડાયના માઈટ જેવી એક ડાયનેમિક છોક્કરીની

નજીક એ રીતે આવતો જતો હતો જે રીતે ખરતા તારામાંથી છૂટી પડેલી કોઈ

ઉલ્કા પૃથ્વી તરફ ધસમસતી આવતી હોય .....ના ના પહેલી નજરનો પ્રેમ બ્રેમ

જેવું કશું નહોતું થયેલું બંને વચ્ચે ..એક ફેટલ એટ્રેક્શન હતું એમ કહી શકાય

બેસ્ટ યુઝીઝ બેસ્ટ ઓલ્વેઝ ની જેમ બંને એ એકબીજાને ચકાસીને પસંદ કરેલા

અને બંને સાથે જ એકબીજાની નજીક આવતા જતા હતા...કદાચ આ જ રીતે બધું

ચાલ્યું હોત તો તેઓ ચોક્કસ એકબીજાના ગળાડૂબ પ્રેમ માં પડી ચુક્યા હોત

પરંતુ ઝીંદગી એટલી સરળ ક્યારેય ચાલતી નથી અને પ્રેમ જેવી બાબતોમાં તો નહિ જ

સારસ બેલડી જેવી એ જોડી એ બંને ના દોસ્તો અને બેનપણીઓ માટે ઈર્ષ્યાનું કારણ બની

ઈર્ષ્યાનો ઘેરો લીલો રંગ પ્રેમ ના લાલ રંગ પર ઢોળાવા લાગ્યો ............

આજ દિવસોમાં એ બંનેની એક કોમન બેનપણીએ છોક્કરા પાસે આવી અને કહ્યું :

તું એ છોક્કરીને પસંદ કરે છે એ બધાને ખબર છે કદાચ એના પ્રેમ માં પણ તું હોઈ શકે

પરંતુ એક વાત યાદ રાખજે તું અહીં હોસ્ટેલમાં રહી ભણવા માટે આવેલો છે અને

હજુ માંડ  છ મહિનાથી જ એ છોક્કરીને ઓળખે છે જયારે અમે બધા તો એક સાથે

વર્ષોથી ભેગા મોટા થયા છીએ  .

દરેક ખુબસુરત છોક્કરીને જે ટેવ હોય છે એવી જ ટેવ એને પણ છે

બેવફાઈ કરવાની

એ તારી સાથે ફરશે ,વાતો કરશે અને પછી તને છોડી દેશે એકાએક

આ વાત હું તને તારી એક અંગત દોસ્ત તરીકે કહેવા આવી છું

કારણ કે જયારે એ સમય આવે ત્યારે તું એને જીરવી શકે

આઘાત થી બેવડો ન વળી જાય કારણ કે એક દોસ્ત તરીકે હું તને

ક્યારેય દેવ દાસ ના સ્વરૂપે જોવા નથી માંગતી  ...........

પછી શું થયું હશે ખબર છે ??

સિમ્પલ પેલા છોક્કરા એ આ સલાહ જેણે આપેલી

એ પરમ દોસ્ત સાથે બોલવાનું જ સાવ બંધ કરી દીધું

અને જયારે કોલેજ પૂરી થવા આવી ત્યારે

ફક્ત સમય પસાર કરવા બંધાયેલા સંબંધોને થોડું ગંભીર

અને વાસ્તવિક સ્વરૂપ આપવાની વાત આવી ત્યારે

એ છોક્કરીએ ખુબ જ આસાનીથી હાથ ઊંચા કરી દીધા

પાપા નહિ માને  થી માંડી  જ્ઞાતિ આલગ પડે છે થી લઇ

હજુ આગળ ભણવું છે જેવા બહાનાઓનો વરસાદ ચાલુ થયો ત્યારે

છોક્કરાએ બહુ જ આસાનીથી એ સ્વીકારી તો  લીધું

( થેન્ક્સ ટુ હર ફ્રેન્ડ કે જેને એણે ચેતવેલો ) પરંતુ  ....

સંબંધોની દુનિયામાં બેવફાઈ શબ્દનો આ એનો પહેલો પરિચય હતો

એ સાથે જ અંદરથી જરાક તૂટવાનો

થોડા રુક્ષ બનવાનો

દુનિયાદારીની ભાષામાં જ દુનિયા સાથે વાત કરવાનો સફળ થવાનો

સરળ  સ્મિત ને પટારામાં મૂકી ઉપર તાળું મારી ચોવીસ કલાક કામ કરવાનો

અને એ ટકી ગયો આ બેવફાઈ સામે એનું કારણ

કદાચ એટલું જ હોઈ શકે કે આગળ રસ્તામાં ક્યાંક કોઈ જગ્યા પર

- પ્રેમ  - દુનિયાનો સૌથી શ્રેષ્ઠ શબ્દ એની રાહ જોઈ રહ્યો હતો  ....

પ્રેમ જીવન માટે જરૂરી છઠ્ઠું 'પંચ તત્વ' છે._મહેશ સોની

# અધ્યાહાર

પારુલ ખખ્ખર
parul.khakhar@gmail.com




કોઇ બૂક વાંચતા વાંચતા પન્નું વાળી દીધાનું શક્ય છે પણ ક્યારેય ડાયરીનુ પન્નું વળેલુ મળે? એ તો જાણે સ્થગિત થઇ ગયેલી ઝિંદગી જેવું ન લાગે !પણ..બધું જ શક્ય છે આ 'મુહબ્બતનામા' નામની કિતાબમાં ! અહિંયા કશું જ બીબાઢાંળ નથી. અહિંયા લાલ-પીળો ને વાદળી મુખ્ય રંગ નથી કહેવાતા અહિંયા તો ભાતભાતના રંગોનુ મિશ્રણ થતુ જાય અને અવનવા રંગો ઉઘડતા જોવા મળે. અને એમ જ..અહિંયા પ્રેમને વ્યાખ્યાયિત નથી કરતા આપણે..!એને ખુલવા...ખિલવા...ખરવા દઇએ છીએ, એની મરજીથી...એની છટાથી...એની અદાથી !

આજે મારે જે પ્રેમરંગની વાત કરવી છે એ માટે હર્ષવી પટેલનો શેર યાદ આવે..
'સફરમાં આપણે પહોંચ્યા નહી કોઇ ઠોસ ઠેકાણે,
તુ શોધે છે વિસામો દોસ્ત, હું સરનામુ શોધુ છુ.'
કારવાં નિકલાથા બડી ધૂમ સે ની માફક ધામધૂમથી શરુ થયેલી સફર ધીમેધીમે રઝળપાટમા ફેરવાઇ જાય ત્યારે આવા શેર રચાતા હશે ને ! ચાલતા તો બન્ને હોય, એક જ દિશા પણ હોય પરંતુ રસ્તાની સામી સામી બાજુએ ! અને તો જ આવી દયનીય સ્થિતિ ઉભી થાય ને? એક પાત્ર હારીને...થાકીને...વિસામો શોધવા લાગે અને બીજુ સરનામુ શોધતુ રહે. આમ તો સાથે ચાલતા હોવાને કારણે હમસફર કહેવાય..પણ અસલમાં આ સફર રોમાંચક નથી રહેતી :(. બેશક..બન્ને તરફ પ્રેમ તો છે જ, સંગાથ પણ ગમે છે..પણ સાલ્લુ...સાથે નથી રહી શકાતુ..કારણ અલગ અલગ હોઇ શકે પણ પરિણામ તો એક જ ! આ સફરમાં કાંટા, કાંકરા, ખાડાં, ખાબોચિયા સ્પીડબ્રેકર, વળાંકો ઘણુ ઘણુ નડતુ રહે અને એમ જ લોહીઝાણ થતા રહે બન્ને ! ન સાથે રહી શકાય...ન જુદા પડી શકાય. દિશા એક હોય પણ દશા અલગ અલગ હોય એ શક્ય છે, છૂટાછેડા થઇ ગયા પછી પણ છેડા છૂટાં ન થઇ શકે એ શક્ય છે. ખૈર..જિગ્સો પઝલ જેવા સંબંધોને મચડ્યા કરવામાં પણ લુત્ફ લેવાનો દોસ્ત...શું કહો છો??

ભલેને વાતવાતમા લડી-ઝગડી પડે, પણ લાગણી અકબંધ રહે. એકને ઠોકર લાગે તો દર્દ બીજાને થાય. એકને થાક લાગે તો બીજો વિસામો શોધે, એક્ને તાપ નડે તો બીજો છાંયડો શોધી આપે, એકને તરસ લાગે ને બીજો વીરડો ગાળે, એક ઉંઘે ત્યારે બીજો જાગતો રહે. આ શું છે ? પ્રેમ છે? કે દુશ્મની ? જો...પ્રેમ છે તો હાથમાં હાથ રાખી કેમ ન ચાલે? જો દુશ્મની છે તો એકબીજાના સુખેસુખી/દુખેદુખી કેમ થાય ?? ચાલો..શોધો જવાબ! ડીક્ષનરી ફેંદો, ગૂગલીંગ કરો, સાયકોલોજીસ્ટ ને મળો, વડીલોના અનુભવો કામે લગાડો જવાબ મળે તો કહેજો ! આવા સવાલોના કંઇ છાપેલ કાટલા જેવા જવાબો ન હોય..ઠાકુર ! ( એક મિત્ર કહે છે તેમ ) જાત વડે ,જાતમાંથી જાતને શોધવી પડે..સમજ્યા?

અનેકતામાં એકતાના સિમ્બોલ જેવો આપણો દેશ..અને એકતામાં અનેકતા જેવા આ સંબંધો ! જ્યાં એક પાત્ર ફીલ કર્યા કરે નાનીનાની ઘટનાઓને, વ્યક્ત કર્યા કરે દરેક અહેસાસને...પૃથ્થકરણ કર્યા કરે એકએક સ્પંદનોનુ ! જ્યારે બીજુ પાત્ર...સાવ અલ્લડ !

ના સાંભળે..ના સમજે...ના વિચારે...ના સમજાવવાનો મોકો આપે ! એકદમ અડબંગ...! વગડાઉ ફુલ જાણે ! પોતાની મસ્તીમા ચાલે...દોડે..પડે..આખડે..બાખડે...થાકે..પણ..હારે નહી !

તો શું નામ આપીશુ આ સંબંધોને? ના આ પાર..ના પેલે પાર, ના જોડાઇ શકો....ના તોડી શકો, ના ડૂબી શકો..ના તરી શકો. બસ..કિનારે બેસી છબછબિયાં કર્યા કરવાના, ક્યારેક મોજાંની છાલકમાં ભીજાઇ લેવાનુ..તો ક્યારેક સૂકીભઠ્ઠ રેતીને હથેળીમાં લઇ તાક્યા કરવાનુ અને હળવેથી સરકવા દેવાની !( ત્યારે એવો વિચાર પણ ઝબકારો નહી મારતો હોય ..કે આ એ રેતી છે જેના પર સાથે ચાલ્યા હતા?! પણ..યાર..બહુ સેન્ટી નહી થવાનુ) જો સફરની શરુઆતમાં જ શર્ત લેવાઇ હોય કે ‘સફર મે ધૂપ તો હોગી જો ચલ સકો તો ચલો’ તો પછી કાંટા-કાંકરાની ફરિયાદોને અવકાશ રહે છે ખરો !નહી ને? તો..બસ..ચાલ્યા કરો ને ચુપચાપ !

આમ ભારેખમ અને અમ હળવાફુલ આ સંબંધો ! જરાક શ્વાસ લો..અને એની સુગંધથી છાતી ભરાઇ જાય પણ હાથ લંબવો તો દૂર...દૂર ! કંઇ કેટલીયે મજબૂરીઓનો ભાર ઉંચકીને ચાલતા આવા ત્રિશંકુ જેવા સંબંધોને શું નામ આપી શકાય ? શું આ ચિરંજીવ યાતનાને ક્યારેય મોક્ષ ન મળે? આ અધ્યાહાર જેવો પ્રેમ ક્યારેય મંઝિલે ન પહોંચે ? ચાલવુ..ચાલવુ...ચાલવુ...બસ એ જ ધ્યેય ? એ જ મંઝિલ હોય કદી??શું અજવાળા ન હોય આ રસ્તે? અને ન હોય તો ખૈર અંધારુ તો હો !!! આ ધૂમાડો તો દૂર થાય !! આ ધુમ્મસ..ધુમ્મસ...માથી તો બહાર નિકળાય કે ના?!! _પારુલ ખખ્ખર

"પ્રેમ એક એવો કુવો છે જેના તળિયે આકાશ છે .."._રાધિકા પટેલ

# તારા પછી ? -૩

*નિખિલ શુક્લ*

*shuklnikhil@yahoo.co.in*



આજકાલ રાધા અને ગંગા બહુ યાદ આવે છે....

..મહાભારતનો હસ્તિનાપુર નરેશ "શાંતનુ" એકવાર મૃગયા કરતાં કરતાં ગંગા કિનારે પહોંચી જાય છે..અને સ્વયં ગંગાને માનવદેહે જોઇ લે છે અને એના પ્રેમમાં પડી જાય છે..બે પુખ્ત/પરિપક્વ વયસ્કો વચ્ચે તરુણ-તરુણિઓ જેવા સંવાદો થયા કરે છે, નાનિ મિઠી મજાકો અને ઇશારા અને મનામણા-રિસામણાં થતાં રહે છે,રાજધર્મ અને વેદ-વેદાંત ની ચર્ચાઇ જાય છે અને વચ્ચે વચ્ચે આંખોના ઇશારામાં પ્રેમનો સિધો અને આડકતરો એકરાર થતો રહે છે.

એક પુરૂષ માટે એક સ્ત્રીના મોહપાશમાં જકડાઈ જવું એ સૌથી આહલાદક લાચારી હોય છે અને કદાચ એકમાત્ર બંધન હોય છે જેને પુરૂષ સ્વયં સ્વિકારે છે પોતાના પ્રાગૈતિહાસિક સ્વભાવ થી વિરુધ્ધ જઈને અને તે'ય એટલી હદે કે પછીના વર્ષોમાં પ્રેમિકા અને પત્નિ ગંગાના હાથે પોતાના જ નવજાત ઉત્તરાધિકારીઓ અને પુત્રો ને નજર સમક્ષ પાણીમાં મોતને ઘાટ ઉતરતાં જોઇ શકે છે, છેક અંતિમ પુત્ર સુધી. ગંગાપુત્ર - દેવવ્રત સુધી !

..પણ વર્ષો પછી ફરી એકવાર શાંતનું બિજિ એક નદિ કિનારે જાય છે યમુના કિનારે અને એક મત્સ્યકન્યાના પ્રેમમાં ફરી ઘાયલ થાય છે અને ... મહાભારત નામનિ ગાથા ની સાવ પ્રાથમિક શરૂઆત થઈ જાય છે...પણ....પણ...ગંગા ત્યાર બાદ એક પ્રેમિકા તરીકે ભુલાઈ જાય છે, હવે એ પ્રેમિકા નથી, પત્નિ નથી અને એનિ રૂમાનિયભરી હાજરી નથી , એના મનોરમ્ય ઇશારા અને નજાકત નથી !

....એકવાર બાળવયનો કૃષ્ણ રાધા જોડે ઘર-ઘર રમતો હોય છે, અને રાધાને ચુમી લે છે , કૃષ્ણ નટખટ છે તો રાધા પણ અદાઓનિ રાણી છે. એણે કનૈયાને કાન પકડાવ્યા છે, ઉઠબેસ કરાવી છે, પોતાને મનાવવા માટે કૃષ્ણને હેરાન કર્યો છે. વૃંદાવન ગોપીઓ જેને ન નચાવી શકી એ કાન્હાને રાધાએ પોતાના સ્ત્રૈણ પોશાક માં નચાવ્યો છે ! અને એક આજીવન રસિકતાથી છલોછલ પ્રેમકહાનિ એકદિવસે અચાનક અટકી જાય છે..જ્યારે કૃષ્ણ મથુરા પ્રયાણ કરે છે. એ પછી રાધાના સાંનિધ્ય પછીના સમસ્ત જીવનમાં કૃષ્ણ હસ્યા છે, રડ્યા છે પણ..ખુશમિજાજ નથી થયા ..અને તો'ય કોઇએ એનું કારણ એવી રાધા ને યાદ નથી કરી !

....લૈલા-મજનુ , હિર-રાંઝા અને વગેરે જીવ્યા અને મરી ગયાં અને ભુલાઈ ગયા...પણ.જે નથી મર્યા કે ન તો જીવી શક્યા છે એવા ગંગા અને રાધા અને બિજા... કેમ ભુતકાળની,ઈતિહાસનિ ગિર્દ માં ભુલાઈ જાય છે ? એમનિ નિયતિ માં કદાચ સફળ પ્રણય ન હોય પણ...પ્રિયપાત્રની જીવનિમાં , એમના ઇતિહાસમાં એમની અંગત ડાયરીમાં પણ ..એ જીવતાં રહિ ગયેલાઓ કેમ નથી આવતાં ?

..માત્ર મૌતનિ જ તકલીફ હોય એવું થોડું હોય ?! તકલીફ જીવતાં રહિ જવાનિ પણ હોતી હોય છે ! અને આવી નિવારી ન શકાય એવી ભગ્ન પ્રણય સંબધોથી ગ્રસ્ત જીવનગાથા ને કેમ કોઇ યાદ નથી કરતું ?

અવસાદ,એકલતા,સ્વપ્નાઓ,ઇચ્છાઓનો કાટમાળ,કલ્પનાઓ ના અવશેષો ની સાથે જીવ્યા કરવું કેટલું લાંબું હોય છે અને એ કેવુંક હોય છે એ અંગે ગંગા કે રાધા ક્યારેય કંઈ ન કહિ શક્યા અને ન તો સ્વયં પોતાને પાછળ મુકીને આગળ ચાલ્યા ગયેલા પ્રિયપાત્રોએ ક્યારેય પુછ્યું છે. અને કદાચ આ એકલા એકલા ધુંટાયા કરવું , દિવાસ્વપ્નો માં ખોવાઈ જવું , સુનમુન થઈ જવું પણ...આ જીવતાં રહિ ગયેલાઓ ની નિયતિ હશે. અને નિયતિ મહદંઅશે ક્રુર હોય છે, જે ખુશખુશાલ હોય છે એ તો કર્મ હોય છે ! , ગીતામાં ક્યાંય પ્રેમભગ્ન થયેલા જીવાત્માઓની વાત નથી આવતી, સ્થિતપ્રગ્ન મનુષ્યો કેવી રીતે પોતાના મનને બહેલાવતા હશે એ વિશે કૃષ્ણ એ કંઈ નથી કહ્યું કે પછી સર્વશક્તિમાન શ્રીકૃષ્ણ રણમેદાન વચ્ચે ગળગળા થવા નહિ ઇચ્છતા હોય , એમ પણ બને !

..માણસોએ પ્રેમ કર્યો હોય છે. તમામે તમામ લક્ષણોની સાથે પ્રેમ કર્યો હોય છે, સુખદુખ ને જોયાં હોય છે, રિસાયા હોય છે મનાવાયા હોય છે,સાથે ચાલ્યા હોય છે, આખિ રાતો વાતો કરી હોય છે,એકબિજાના ચહેરાની ચામડીના સુક્ષમ છિદ્રોને ગણ્યા હોય છે..કાન પાસેનિ વાળની લટોને એના મૂળ સુધી સહેલાવી હોય છે,દાઢીના દરેક દરેક અણિયાળા વાળને પોતાના ગાલ ઉપર ખુંચવા દિધો હોય છે,માથામાં નાંખેલા હેરઓઈલને લાંબા વાળના છેડા સુધી સુંધ્યું હોય છે,એના કપડાનાં રેસાઓને બારિકાઈથી જોયા હોય છે...અને છતાંય પ્રિયપાત્રનિ ગાથાઓમાં એનિ વાતો અને કહાનિઓમાં પોતાના નામની ગેરહાજરી ને સહન કરવા કેટલી શક્તિ જોઇતિ હોય છે ? અને માણસોને છુટ નથી હોતી ફરિયાદ કરવાનિ કેમકે એકલા એકલા ઝુર્યા કરવું એ એમનિ નિયતિની જ એક બિજી શરત હોય છે !

...હવે મને વિશ્વાસ થવા લાગ્યો છે કે પ્રેમ માણસને ખરેખર સારો બનાવે છે. અને વિરહનિ એકલતા માણસને વિચારશીલ કરી નાંખે છે અને વિચારશીલ હોવું એ બૌધ્ધિકતાની પૂર્વશરત છે, ઓહ, પ્રેમ થોડીક નાદાનિ લઈને આવે છે અને વિરહનિ એકલતા માણસને બુધ્ધિશાળી બનાવે છે ! આ પણ એક લાલાશ ધરાવતી ગુલાબી છે પ્રેમના ઉતરાર્ધની !

...આજકાલ આવા જીવતાં રહિ ગયેલા અને ભુલાઈ ગયેલા પ્રિયપાત્રો બહુ યાદ આવ્યા કરે છે, હવે છેક આજે એમનિ તકલીફોથી મન ખિન્ન થાય છે, આજે પહેલીવાર કૃષ્ણ જેવા મનમોહક વ્યક્તિત્વની સામે એક ગુસ્સો આવે છે, શાંતનુ અળખામણો લાગે છે, પિતાના માટે લગ્ન પ્રસ્તાવ લઈને ગયેલા દેવવ્રત ને હવે આધુનિક કહેવાનું મન નથી થતું, ભિષ્મ-પ્રતિગ્ના મને નજીવી લાગે છે...રાધા અને ગંગા....હવે અચાનક વૃંદાવન જવાનિ ઇચ્છા થાય છે...એકવાર ગંગા કિનારે જવાનું મન થઈ આવે છે...ઇતિહાસ ફેંદીને રાધાના કૃષ્ણ પછીના જીવન વિશે જાણવાનું મન થાય છે..અને હવે સમજાય છે...જીવતાં રહિ જવું એ શબ્દપ્રયોગ કેટલો જીવલેણ છે અને રાધા અને ગંગા આજકાલ બહુ યાદ આવે છે....હવે તારા પછી તો ખાસ ! _નિખિલ શુક્લ

એક એવો શબ્દ જે સો વખત ઘૂંટીયે તોયે દરેક વખતે અલગ અલગ વળાંક આવે.. પ્રેમ.._ભાવેશ શાહ

# પર હમ વફા કર ના સકે

ગોપાલી બુચ
gopalibuch@gmail.com



'બેવફા' શબ્દ સાંભળતા જ મન ચકરાવે ચડે, ક્યારે માનસપટ પર અમુક ખાસ ચહેરાઓની આવન જાવન પણ શરુ થઇ જાય.પીડા, શોક , લાગણીઓ મન પર હાવી થવા લાગે.ક્યાક એવું પણ બને કે ક્ષોભ અને બેચેની અનુભવાય.દર વખતે સામે જ કોઇ વ્યક્તિ ઉભી હોય એ જરૂરી નથી,ક્યારેક આઇનામાં આપણું પોતાનું પ્રતિબીંબ પણ દેખાય ! 'બેવફા'..'બેવફાઇ' એક એવો શબ્દ જે પગથી માથા સુધી ધ્રુજારી ફેલાવવા સમર્થ સાબિત થાય.
દિગ્દર્શક એડ્રીયન લાયનનુંં બહુ ચર્ચિત નાટક 'અનફેઇથફુલ. યાદ આવી ગયું૨૦૦૨ માં રીલીઝ થયેલ લગ્નેતર સંબંધ પર આધારિત આ નાટક્ને વિવેચકો તરફથી મીશ્ર પ્રતિભાવ મળ્યો હતો, પણ પ્રેક્ષકો એ સારુ બિરદાવ્યુ હતું.આપણે ત્યાં પણ થોડા સમય પહેલા'બેવફા' નામની હિન્દી ફિલ્મ આવી હતી. બન્નેની સામ્યતા એ હતી કે બન્નેમાં પત્નીની બેવફાઇની વાત કરવામાં આવી હતી.( જો કે ક્યાંય પણ વિરોધ પ્રદર્શિત નહતો થયો એ આડવાત છે)ભમરો તો બિચારો નાહકનો બદનામ થાય છે ....પરવીન શાકીર કહે છે તેમ..
'વો તો ખુશ્બુ હૈ હવાઓમે બિખર જાયેગા,
મસ્લા ફુલ કા હૈ ફુલ કિધર જાયેગા?'
પણ..ંમુદ્દાની વાત એ છે કે સ્ત્રી હોય કે પુરુષ..ંવાત જ્યારે સંબંધોની માવજતની હોય,ંનજાકતની હોય ત્યારે બન્ને સરખા જવાબદાર છે.જેમ પ્રેમ શબ્દને વ્યાપક સ્વરુપે જોવામાં આવે છે એમ બેવફાઇને પણ ચકાસીએ તો માત્ર પ્રેમ સંબંધોમાં કે લગ્નેતર સંબંધો એટલે જ બેવફાઇ એવું જરૂરી નથી. બેવફાઇ એટલે બિનવફાદારી,અપ્રમાણિકતા જે દરેક સંબંધમાં દરેક જગ્યા એ જોવા મળે છે.

શું સમય કે સંજોગો આપણી અપેક્ષા મુજબ સાથ ન આપે એટલે એને કહી શકાય ?સમય અને સંજોગોને આધિન આપણૂ પ્રિયજન આપણુ ન થાય એટલે એને બેવફા ગણી લેવુ એટલી જ આપણી પ્રેમોર્મિ સિમીત હોય છે ?

ક્યારેક એવુ પણ બને કે જે આપણી નજરમા બેવફાઈ છે એ સામેના પાત્રને માટે એના સંજોગોને આધિન એનુ સત્ય પણ હોઇ શકે.જોકે સંજોગોની છણાવટ છટકબારી માટેનુ એક હથિયાર પણ છે જ છે એમા ના પણ નથી. પણ દરેક વખતે એવુ હોય જ એમ માની લેવુ એ પ્રિયજનને અન્યાય છે.સમય અને સંજોગો માનવીને એટલા વિવશ કરી દેતા હોય છે કે
જેને એક સમયે જિંદગી ગણતા હોઇએ એના જીવનમાથી અણધારી એક્ષીટ કરી જવી પડે છે.
હિન્દી ફિલ્મ શાલીમારનુ એક લોકપ્રિય ગીત છે જે ઘણું જ સૂચક છે, "હમ બેવફા હરગીઝ ન થે ,પર હમ વફા કર ના શકે "....બસ,ંને સમજ્યા વિચાર્યા વગર આપણે આપણા જ પ્રણયને 'બેવફા'નામે એક ગાળ ભેટ ધરી દઈએ છીએ.

દીલ ખોલીને ચાહનારા સ્ત્રી-પુરુષ સંજોગો સામે ઘૂંટણીએ પડી જાય છે,હારી જાય છે.ક્યારેક એમા એ લોકો એમના આપ્તજનની સલામતી પણ પારખતા હોય છે અને આપણે એમને ટુંકા માપદંડથી મૂલવવાની ભુલ કરી બેસીએ છીએ.શંકાનો કીડો પ્રેમ નામે મખમલી પણ મજબૂત દોરને કોતરી નાખે છે.

હા,જ્યાં પ્રેમ નામે કોઇ તત્વ જ નથી અને કેવળ વ્યભિચાર જ છે ત્યા વફાદારી નામના શબ્દને કોઈ સ્થાન નથી ,અને એવા કહેવાતા પ્રેમને રોવાનો કોઈ જ અર્થ નથી.ત્યા જિવન અટકી નથી જતુ,એને બમણા વેગથી આગળ વધારવાનુ જોમ કેળવી લેવુ એ પણ એક આવડત છે.બાકી તો એમ માનવુ જ રહ્યુ કે ઘાતક સંજોગો હોય છે ,વ્યક્તિ નહી.

અને જો વાત લગ્નેત્તર સંબંધોની જ હોય તો પતિ-પત્નિ વચ્ચે સન્માન,પ્રેમ અને વિશ્વાસના માપદંદ ક્યાક ટુંકા પડ્યા હોય તો જ કોઈ ત્રીજ પાત્રનો પ્રવેશ શક્ય છે.ભારતીય સંસ્કૃતિમા લગ્ન બે આત્માનુ મિલન કહેવાયુ છે.સ્ત્રી-પુરુષના અદ્વૈતને શીવશક્તિ સ્વરુપા ગણ્યા છે.પણ જો એ ખરેખર આત્માનુ બંધન હોય તો ?બાકી એ કેવળ બંધન છે.ીક સામાજીક ગોઠવણ છે એ પણ કડવુ છતા સ્વિકારવુ પડે એવુ સત્ય છે.

જો લગ્નજીવન સુખી છે અને જસ્ત ફોર એ ચેંજ કોઈ ત્રીજી વ્યક્તિ જીવનમા આવે છે તો એ ચોક્કસ બેવફાઈ છે.અહીયા વાત બન્ને પક્ષની થાય છે.કોઈ પણ ગુણો ક્યારેય જેન્ડર બાયસ નથી હોતા એ સમજી જ લેવું.

જો લગ્નજીવન બોજ થઈ ચુક્યુ છે ,સંતાનો અને સમાજની શરમે એક છત નીચે વેંઢારવામા આવે છે તો મારુ સ્પષ્ટ માનવુ છે કે સામાજીક માળખાને સાચવીને કે ન સાચવીને પણ કોઇ ત્રીજી વ્યક્તિનો પ્રેમ પામવો એ પાપ નથી,એ બેવફાઈ નથી.સ્ત્રી-પુરુષ બન્ને પાત્રને સુખી થવાનો હક છે.હા,તમે કેટલે અંશે એ સ્વિકારી શકો એ તમારી અંગત બાબત છે.અહિં સામાજીક સંદર્ભો એ એક જુદો વિષય છે.

થોડુ આગળ વધીને કહુ તો સહશયન સમયે શારિરીક ઐક્ય હોવા છત્તાં પણ્ પતિ કે પત્નિ માનસિક સ્તરે પોતાના કોઇ પ્રિયપાત્રની કલ્પનામા રાચતા હોય છે.તો એને શું કહેશો ?

શું બેવફાઈ એટલે સામાજીક સ્તરે સ્પષ્ટ દેખાય એવી જ ચેષ્ટા ?

બેવફાઈ શબ્દ જેટલો સંવેદનાસભર છે એટલો જ પેચીદો અને વિવાદાસ્પદ પણ છે.કોઈના માટે પ્રેમ થવો સાહજીક છે,સ્વિકાર્ય છે.ીક જ સમયે અલગ લગ પાત્ર સાથે પણ પ્રેમ થઈ શકે છે.બેવફાઈ જુઠાણામા છે,છેતરપીંડીમા છે.બે સમજદાર વ્યક્તિ,પોતપોતાની જવાબદારી સમજીને પરસ્પર સ્નેહભાવે જોડાય છે એ કોઈની પણ સાથે બેવફાઈ નથી અને જો એ સમજદારીથી છૂટી પડે તો એ પણ બેવફાઈ નથી.જવાબદારી અને કર્તવ્યનુ મુલ્ય ક્યારેક આત્મિક સુખ કરતા વધી જતુ હોય છે ત્યારે વ્યક્તિએ અંગત સુખની આહૂતિ આપવી પડે છે.

બેવફાઈ શબ્દને શા માટે સ્ત્રી-પુરુષ પુરતો કે પ્રેમ સંબંધો પુરતો જ સીમિત રાખવો ?વ્યાપક અર્થમા ચકાસીએ તો ક્યાંક્યાં આ શબ્દાનુઘોષ નહી સંભળાય ?

સમયચક્રને જરા પ્રતિબિંબિત કરીએ તો રાધાજી અને મીરાજી બન્ને કૃષ્ણઘેલી સ્ત્રીઓ હતી.બન્ને પરીણીત હતી.કૃષ્ણ પોતે પણ હ્રદયપૂર્વક રાધાને ચાહતા હતા,પણ એનો અર્થ જરા પન એમ નહોતો કે એ એની પત્નિને નહોતા ચાહતા.દ્રૌપદી પાંચ પતિની પત્નિ હતી,અર્જૂન માટે સવિશેષ સ્નેહ હતો તેમના સંબંધો સામાજીક સ્વીકાર્ય હતા.દ્રૌપદીની ગણના પ્રાતઃસ્મરણીય સતીઓમા થાય છે. ( અહી એક આડવાત પણ કરવાનુ મન થાય છે કે કૃષ્ણ માટે દ્રૌપદીને સખ્યભાવ હતો અને એ પણ નીંનદીય નહતો.અત્યારનો કૂપમંડુક સમાજ સ્ત્રી-પુરુષની મિત્રતાને પણ બેવફાઈના ત્રાજવામા જ જોખવાનો પ્રયત્ન કરે છે. )અર્જૂને પણ દ્રૌપદી માટે અનન્ય પ્રેમ હોવા છતા બીજે લગ્ન કર્યા હતા.

આજીવન સ્ત્યનિષ્ઠ યુધિષ્ઠિર યુધ્ધ મેદાનમા 'અશ્વત્થામા મરાયો,નરોવ કૂંજરોવા" જેવા અર્ધ સ્ત્યને વર્યા હતા.ભિષ્મથી અર્જૂનને બચાવવા ખુદ કૃષ્ણે શિખંડી સ્વરુપ ધર્યુ હતું,કર્ણવધ માટે
કર્ણના રથનુ પૈડુ જમીનમા પ્રપંચથી ખુંચાવનાર કૃષ્ણને શું કહેવા ?અર્જૂન માતેના પક્ષપાતને કારણે એકલવ્યનો અંગૂઠો માંગી લેનારા દ્રોણાચાર્ય,સીતાની પવિત્રતા પર લેશમાત્ર શંકા ન હોવા છતાં રાજધર્મ માટે એનો ત્યાગ કરનાર રામ ,સીતાને વનભ્રમણના બહાને વનમા

મુકી ચાલી આવનાર લક્ષમણ ...કેટકેટલા નામ યાદ કરી શકાય .આ બધી વાતોને શું કહેશો ?. ..મારો આશય અહી કોઈ લાગણી દુભવવાનો નથી જ.દરેક પાત્ર વંદનિય છે,પૂજનીય છે...પણ મારુ કહેવાનુ તાત્પર્ય એ છે કે રોજબરોજની જીંદગીમા પ્રત્યક્ષ કે પરોક્ષ એવા પાત્રો,એવી ઘટનાઓ સામે આવતી જ રહે છે જેની મૂલવણી લગભગ અશક્ય છે.

પારદર્શિતા, અપારદર્શિતા ,સત્ય,ાસત્ય,પ્રમાણિકતા ,અપ્રમાણિકતા ,પ્રેમ,બેવફાઈ -આ બધા વચે બહુ જ પાતળી ભેદરેખા રહેલી છે.જે ક્યારેક દેખાય છે તો ક્યારેક નથી પણ દેખાતી અને આપણે અજાનતા જ એને સમજ્વાની ચાહમા એને અન્યાય કરી બેસીએ છીએ.

પણ આ બધા પાસા તો વિષયનૂ વિષયાંતર કરી નાખશે ,એટલે એમા ઊંડા ના ઉતરતા અત્યારે તો એટલું જ કે ,

મેરા તાજુબ અજબ નહી હૈ,
વો શખ્શ પહેલે સા અબ નહી હૈ,
વફા કા ઉસસે ગીલા ક્યા કરું,
વો મેરા કબ થા,જો અબ નહી હૈ !!!(અજ્ઞાત )

ગોપાલી બુચ.

ઇન્ટરનેટ માધ્યમથી માત્ર જે તે નામ પ્રોફાઇલ પીક્ચર અને ચેટબોક્ષનાં વાક્યો પર જ જીવે છે તે ખરો અશરીરી પ્રેમ છે. _પારૂલ ખખ્ખર

# પ્રેમ એટલે સત્ય

*જય પંડ્યા*
*jay.pandya2@gmail.com*



પ્રેમ એટલે સત્ય  કહેવાની હિંમત

" મહોબતનામા માં  એલાન થયું છે હું પણ લખવાનો એમાં "

થોડા દિવસો પહેલા સાથે જ ચાલવાના રોજિંદા  નિયમ મુજબ ફરવા

નીકળ્યા ત્યારે મેં હોંશથી કહેલું એને  ......

અરે વાહ સરસ લખજે તું તો ફાઈન લખે છે આમ પણ -

એણે દરેક વાતમાં ટેકો આપવાની ટેવ મુજબ આમાં પણ સાથ આપ્યો

" કોના આપણાં બંને વિષે જ લખું ને  ? " - મેં ચીડવવા માટે મસ્તી કરી

ના જરૂરી નથી બીજું કોઈ હોય તો એના વિષે પણ લખી શકે છે

મને વાંધો નથી , મહોબ્બત મુખ્ય વાત છે  વ્યક્તિ નહિ -

એણે ગંભીરતાથી ઉતર વાળ્યો

નિખાલસતા -

લગ્ન પછી પણ પ્રણય ને ટકાવવા ખુબ જ જરૂરી

એવી નિખાલસતા અમે ટકાવી રાખેલી

નહિ તો ક્યાં કશું પણ કોમન  હતું અમારી વચ્ચે  ??

હું ખતરનાક  મસ્તીખોર અને એ સાવ શાંત ,

હું રેશનાલિસ્ટના લિસ્ટ માં આવું અને એ ભારોભાર આસ્તિક

અને બધાની મરજીની વિરુદ્ધ સામે પવને ચાલીને થયેલા લગ્ન ,

નજીકના લોકો દ્વારા સતત  ચડામણીઓ

આ બધું જ છતાં જેણે જીવન ટકાવી રાખ્યું

એટલું જ નહિ જીવવા લાયક પણ બનાવ્યું

ખખડધજ લુનામાં પણ ખુમારી થી ફરતા અને એ કહેતી :

" તું બેસીજા પાછળ , આજે હું ચલાવીશ "

અને આજે લોંગ ડ્રાઈવ પર કારમાં વાગતા

ફેવરીટ ગીતો સાંભળતા હું પૂછી બેસું કે

" આ જ ક્ષણો ની રાહ હતી ને  ? "

તો એ ક્ષણના પણ વિલંબ વિના જવાબ આપે કે

" તારી સાથે કાર હોય કે લોકલ બસ બધે જ ગમે " ...

અને બે પ્રશ્ન પૂછી સામા  માણસનો  ક્યાસ કાઢવાની

મારી ટેવ મુજબ હું મનોમન હસી લઉં .

હવે સમય જતાં એક્યુટ મેમરી લોસ લાગુ પડ્યો હોવાથી

કશું ભૂલી જાઉં તો તરત ફોન કરું અને એ યાદ અપાવે એટલે

થેન્ક્સ સાથે સોરી પણ  કહું   વારે વારે હેરાન કરવા માટે

તો એ  હસીને કહે " અરે એ બહાને તારો અવાજ પણ સાંભળવા મળે છે ને જય "

જેમ કે હમણાં જ ફોન આવ્યો  કે તે લખ્યું મહોબત નામા માં   ?

મને યાદ આવ્યું

ઓહ આજે તો છેલ્લો દિવસ અને છેલ્લા કલાકો અને તરત જ લખવા બેઠો

મને ખબર છે ફરી ફોન આવશે અને પૂછશે : લખાઈ ગયું જય  ?

આપણાં વિષે જ લખ્યું છે ને કે પછી ????? ......

અને અમે બંને ખડખડાટ હસી પડીશું  ..એકસાથે સ્તો  ...

આમ અમારું મહોબત નામા બહુ જ સરળ છે અમારા સ્વભાવ જેવું જ.     _જય પંડ્યા

# સાતમું પગલું

*પારૂલ ખખ્ખર*
parul.khakhar@gmail.com



..ક્યારેક જાતે શોધેલા તો ક્યારેક પરિવારે શોધેલા પાત્ર સાથે પરણી જવાતું હોય છે. પણ...જીવનસાથી બનવાની શરુઆત તો સુહાગરાત પછીની સવારથી થતી હોય છે ! આ પણ એક અજીબોગરીબ પ્રેમદાસ્તાન છે..'મુહબ્બતનામા'નું એક અનોખુ પ્રકરણ !!આ સંબંધ ઉલ્ટા ક્રમે ચાલે..તનગમતા થી શરુ થઇ મનગમતા થવા સુધીની સફર...કાચબાની જેમ ધીમો પણ મક્કમ ગતિથી...ભાંખોડિયા ભરતો ભરતો પહોંચે મંઝિલ સુધી.

'ઇડરિયો ગઢ જીત્યારે...'કહીને એક છોડને આખેઆખો મૂળસોતો લઇ આવવાની ઘટના એટલે લગ્ન !એ રોપાય ફરીથી કોઇ અજાણ પ્રદેશની અજાણ માટીમાં...!અજાણ્યુ પાણી..ને અજાણ્યો માળી !! ક્યારેક મરુભૂમિનો થોર કાશ્મીરના બગીચામા...તો ક્યારેક દરિયાકિનારાની નાળિયેરી આસામનાં જંગલોમાં રોપાય.અને શરુઆત થાય છોડનાં પુનઃજન્મની.જે મળી તે માટી અને જે મળ્યુ તે પાણી ને અનુરુપ થઇને વિકસતા જવુ એ જ લગ્નજીવન !

'તું મીંઢળ જેવો કઠણ ને હું નમણી નાડાછડી,
તું શિલાલેખનો અક્ષર ને હું જળની બારાખડી'

અનેક વિરોધાભાસો વચ્ચે પાંગરવા લાગે એક નાનેરી કૂંપળ.!જે સાથે ઉઠતા-બેસતા. ખાતા-પીતા,સૂતા-જાગતા...એકબીજાની ખામીઓ-ખૂબીઓને અપનાવતા અપનાવતા પાંગરતી રહે! એકને આંકડા સાથે પ્રેમ તો બીજાને અક્ષરો સાથે ! એકને ગળા પર કીસ ગમે તો બીજાને હોઠ પર ! એકને પંજાબી ફૂડ ભાવે તો બીજાને સાઉથ ઇન્ડીયન ! એક ફીલીંગ વ્યક્ત કરે ત્યારે બીજું સીલીંગ ને તાક્યા કરે ! તો પણ મળતા જાય મનનાં મેળ.....

ભલે ને બર્થડે, મેરેજડે કે વેલેન્ટાઇન ડે યાદ ન રહે... અને ગીફ્ટમાં તો એવું કે..હાથમાં હાથ અને આંખમાં આંખ નાંખી ગાળેલી એક સાંજ ! વરસના વચલે દિવસે પણ 'I LOVE YOU' ન કહેવાતુ હોય..પણ તેમ છતા S.M.S. /Whatapp નાં જોડાણને છેડાછેડીનું જોડાણ અતિક્રમી જાય !

આમતો બધી જ નદીઓ ધસમસતી સાગર તરફ જ વહેતી હોય પણ સાગર અનેક પ્રકારનાં હોય...કોઇ તોફાની..એક જ છાલકમાં તરબતર કરી દે ! તો કોઇ ધીરગંભીર ..શાંત..અચલ..અગાધ...હળવેથી સમાવી લે પોતાનામાં ! અને કોઇ વળી ચંચળ. મસ્તીભર્યો...બસ...સેલ્લારા ને મોજ ..પણ...!!

'તરંગો થી રમી લે છે. ભંવરનું માન રાખે છે,
નહી તો નાવ પોતે સેંકડો તોફાન રાખે છે !'

લગ્ન વખતે સપ્તપદીનાં સાતમા પગલે સ્ત્રી કહે છે
त्वं सखा सप्तमे जातः सखी भूतास्मि तेप्यहम्,
आजीव नाथ ! बद्धास्मि भूत्वमनुवर्तिनी.
અર્થાત્ 'આપણે સાત પગલા સાથે ચાલવાથી મિત્ર થયા છીએ, હવે હું સમગ્ર જીવન માટે આપની સાથે બંધાઇ છું ' કેવી અદભૂત વાત ! પતિ -પત્ની થી મિત્ર બનવામાં આમ જુઓ તો માત્ર સાત પગલાની જ સફર ને?પણ રસ્તો કેવડો લાંબો ! યહાં પે આતે આતે સૂખ જાતી હૈ કઇ નદીયા....અને અલબત..દરિયાઓ પણ !પરંતુ સાચો પ્રેમ તો સરસ્વતી જેવો ગુપ્ત....અંદર વહેતો રહે સતત..બહાર દેખાય કે ન પણ દેખાય !કાંટા, કાંકરા, ઠેસ, ઠેબા. ઠોકર ખાતા ખાતા પહોંચવાનુ સાતમે પગલે....

સતત ભૂતકાળનાં ઓછાયા સાથે જીવતી 'ન હન્યતે' ની રૂ (અમૃતા) હોય કે સિલસીલાની ચાંદની કે પછી'હમ દિલ દે ચૂકે સનમ'ની નંદુ ( નંદિની)..પહોંચે..હેમખેમ આ સાતમે પગલે..!!.જ્યારે પતિ તરફથી આઝાદી મળે ચાલ....તારા મનગમતા દરિયા પાસે હું જ લઇ જાઉ.!! અને ત્યારે ઉતરે નંદિનીઓનું 'ભૂત'...!!! પછી તો લાલચટ્ટાક સાડી, બીંદી, ચૂડી , સેંથામાં સજ્જ થઇ ને કહે કે...'પ્યાર કરના ઉનસે સીખા થા..પ્યાર નિભાના આપ સે સીખી હું'..અને ત્યારે...સાબિત થાય એ સાતમું પગલું સખ્યનું !!

અગ્નિની સાક્ષીએ ધર્મ. અર્થ, કામ માં પતિને આગળ કરતી સ્ત્રી ચોથા મોક્ષનાં ફેરામાં પોતે આગળ થાય છે...અને સાથે ચાલેલા આ સાત પગલાનો સંગાથ...સ્મશાનનાં અગ્નિ સુધી સાથ નિભાવી જાય છે ! આ કંઇ ગુલાબી ઘેન નથી કે દિવસ ઉગતાની સાથે જ ઉતરી જાય !! આ તો લાલઘૂમ પ્રેમ છે જે દિવસે દિવસે ઘેરો થતો જાય... _પારુલ ખખ્ખર

પ્રેમ એટલે હોવાનો ઉત્સવ ! _મેહુલ પટેલ

## ઊભી તો રહે , સાંભળતી જા ...

*વૈભવ અમીન*
*vbvamin@gmail.com*



એય ... ક્યાં ભાગી ? ઊભી તો રહે , સાંભળતી જા ...

શું કીધેલું તે ? બધા છોકરાઓ સરખા હોય છે એમ જ ને ? ચલ તો આજે તો આર યા પાર ... કહી જ દેવું છે . સાંભળ . હા, અમે બધા છોકરાઓ સરખા જ હોઇએ છીએ . પણ ... ...

ભલે અમે છોકરાઓ રસ્તે જતી-આવતી દરેક છોકરીને ટીકી-ટીકીને જોતા હોઇશું , ભલે કોઈ રોમિયોની બાઈક પર બેઠેલી કૉલેજ કન્યાને જોઈને ઇર્ષાથી બળીને કમેંટ્સ કરતા હોઇશું ; ભલે કોઈ સુંદર કન્યાને મોબાઈલ પર વાતો કરતી જોઈને આ કોયલ કયા કાગડાની જોડે માળો ગૂંથતી હશે એની કલ્પના કરતા હોઇશું ; ભલે કોઈપણ છોકરીની એક જ સ્માઈલ પર ફિદા થઈને ઊંધેકાંધ એના પ્રેમના ખાડામાં ધફ્ફાખ દઈને પડી જતા હોઇશું , ભલે અમે દરેક છોકરીને એના દેખાવ પરથી જ રેટિંગ આપતા હોઇશું ; ભલે અમે આજે આ , કાલે પેલી, ને પરમ દિવસે ઓલી એમ " ડાલ ડાલ પે ભ્રમર જાલ " ની માફક યુનિનોરના સિમકાર્ડની જેમ ગમતી છોકરીઓનું લિસ્ટ બદલતા હોઇશું ..... ભલે અમે આ બધું જ કરતા હોઇશું એટલે બધા જ છોકરા સરખા - એવી નેગેટિવ ઈમેજ ધરાવતા હોઇશું ....

પણ , અમે આ સિવાય પણ સરખા છીએ એક વાતમાં .... હા , અમારી પોઝિટિવ ઈમેજ પણ છે , જે કદી તમારી સામે આવતી નથી , ને અમે આવા પણ છીએ એવું અમે તમને બતાવી નથી શકતા ....

શું તમને ખબર છે કે અમારા દિલમાં તો કોઈ એક જ હોય છે , જે ભલે બીજા કોઈને ગમતી હોય કે ના ગમતી હોય , પણ અમારા માટે તો આ દુનિયાની સૌથી સુંદર વ્યક્તિ કહો કે સૌથી સુંદર ઘટના- બધું એ જ હોય છે . ભલે એ થોડી બુદ્ધુ હોય , ભલે થોડાંક નખરાં કરતી હોય , પણ એની એક સ્માઈલમાં જ અમે એની લાખ ગુસ્તાખી માફ કરી દઈએ છીએ ! અરે એના વિષે જો કોઇ એક શબ્દ પણ ખરાબ બોલી જાય , તો અમે અમારા બાપની મિલ્કત લૂંટાઈ જતી હોય એવા ખુન્નસથી વિરોધ કરીએ છીએ .

ભલે એ કોઈ બીજા માટે સેલિબ્રિટી ના હોય , પણ અમે તો એને એક નજર જોવા માટે પણ ધોમધખતા તડકામાં કે ભર વરસાદમાં બેસી રહીએ છીએ કલાકો સુધી ... ભલે એ આવે, જાય , ને એક વાર અમારી સામે નજર પણ ના કરે ! સૌથી પહેલાં લેસન લખી નાખ્યાં પછીય અમે ભાઇબંધને એમ કહી દઈએ કે -" હજુ તો મેં લખ્યું જ નથી.." કેમ કે પેલી એકને નોટ્બૂક આપવાનો વાયદો થઈ ગ્યો હોય છે આંખો-આંખોમાં ! અરે એના માટે પઝેસિવ તો એટલા કે બીજો કોઇ જો એનું નામ પણ બોલે તો તરત એને રોકીને - " હોપારા, ભાભી બોલ ! " એમ ધમકાવી પણ દઈએ ... આમ તો આખા ગામમાં બહાદુરી બતાવતા ફરતા હોઈએ અમે , પણ એ એક જ જો સામે આવી જાય તો વાઈવા કરતાં વધારે લોચા અમે એની સામે મારી દઈએ .

હા, અમે બધા છોકરાઓ સરખા જ હોઈએ છીએ ... પણ એ કોઈ એક હોય છે અમારા દરેકની જિંદગીમાં , જે મગજના મિજાગરાને બંધ કરી

દઈને દિલના દરવાજા ખોલી નાખતી હોય છે...દસ્તક દીધા વગર જ ! "હું સોગંદમાં માનતો નથી " - એવું બોલ્યા પછી પણ એના નામની ખોટી સોગંદ ખાવા અમે તૈયાર નથી થતા . હા , બેફિકરીમાં અઘોરી બાવાને ય આંટી જઈએ એવા અમને સૌથી વધુ ફિકર એની રહેતી હોય છે . એ ફિકરના લીધે જ હૈયું જેના જાપમાં ગુલતાન હોય એનું નામ કદી અમે હોઠ પર નથી આવવા દેતા ! કહીં ઈસ જાલિમ જમાને કી ઊસે નજર ના લગ જાય !

હા, તું સાચુ જ બોલી ...અમે બધા છોકરા સરખા જ છીએ .... કેમ કે અમને ખાલી પ્રેમ કરતાં જ આવડે છે , કહેતાં કે બતાવતાં નથી આવડતું ! શીખવું પણ નથી ... કેમ કે અમે આ રીતે જ પ્રેમ કરતા આવ્યા છીએ , આ રીતે જ પ્રેમ કરતા રહીશું . તારી અવગણનાની તો હવે આદત પડી ગઈ છે ... એમાંય સાલુ હવે તો મજા આવે છે !

ચલ હવે , તારે જવું હોય તો જા ! મારે તો બસ આટલું જ કહેવું હતું ... અને મારા જેવા તમારી ડિક્શનરીના દરેક " નાલાયક છોકરા " તરફથી એડ્વાન્સમાં Happy Valentine's Day !!! તમારી સામે તાકી રહેનારી એ નજરની સામે ય આંખોની આરપાર નજર કરી જોજો કોઈકવાર , તમારી એકલતાની ઓટને પૂરી દેવા માટે ક્યાંક કોઈ ભરતી હિલોળા લેતી મળી આવે કદાચ !! _વૈભવ અમીન.

પ્રેમ એટલે આંખમા અંજાયેલી લાલાશ, પ્રેમ એટલે પાછલી રાતનો ઉજાગરો. _હિતેષ જોષી

# તારા પછી ? - ૪

નિખિલ શુક્લ
shuklnikhil@yahoo.co.in



"..તારી યાદો ભીની ખુશ્બો..મારું અંતર બળતો ધુપ..." - અહિંથી મેં તારી અને વિશેષ તો મારી શરૂઆત કરિ હતી...એક નવો જ અધ્યાય એક નવો જ આયામ આરંભ્યો હતો..તને યાદ કરીને, તને સાથે વર્ચ્યુઅલ રિયાલિટિની જેમ અનુભવીને..તારા પછીની કોઇજ શક્યતાઓને વિચાર્યા વગર , એ શક્યતાથી બેપરવાહ થઈ જવાના અપરાધો કરીને.....અને કોઇ મસ્તમૌલા ફકિરાના તબિયતને રાસ આવે એમ...અને...અને બળતા ધુપના ધુમાડાના સ્વપ્નિલ આકારોની જેમ !

..અને..એ એક જ તો રિત હતી તારા પછી જીવવાનિ..તારા પછી પણ પ્રેમમાં પડેલા જ રહેવાનિ..પ્રેમમાં જ રહ્યા કરવાનિ...તારા પછી જ આ અસ્તિત્વના રહ્યા કરવાનિ , રહિ જવાનિ... મારી જવાનીની રિતી-રસમો અને તારા જવાની નિયતિની..
..એજ એક મદહોશ રીતરસમ હતી તને ચાહિ નાંખવાનિ..સજાવવાનિ...ઉખાળી નાંખવાની..મસળી નાંખવાનિ...અને એ એક જ રિત મને પસંદ પડી હતી તારા પ્રેમમાં પડવાની ! અને એ એક જ રીત હતી તને ભુલ્યા વગર જીરવવાની ! , ભાષાઓ જ્યાં ટુંકી પડી જાય..ક્રિયાપદો અને વિશેષણોથી હટીને ભાષાઓની ઉપલી ભ્રમણકક્ષાઓમાં વિહરવાનિ અને...તારા પછી વિરહવાની !

..અને મેં રીતોને બદલી છે તારા પછી. અંધારી રાતોને જોઈ છે આંખો મસળિને...સોડિયમ લાઈટ્સના અજવાળાને ના જોયું કરીને...ટ્રાફિકના અવાજોને ના સાંભળિને...વિરહવાની બદિઓને માણિને..એના હિજ્જે-વ-માનિને , માનિ - મનાવીને..તારા પછી પણ...

..એ રીતોને પણ બદલી જેના વડે જીવનનો છેલ્લો ઉકેલ લઈ લીધો હતો...હવે જીવવાનો નશો નથી એમ નથી પણ હવે હું ભટકી જવાને નવી રીત ગણું છું..હવે સુનમુન થઈ જવાનિ પણ એક જાહોજલાલી છે અને...મરતાં રહેવાનિ પણ એક રીત છે...હવે ઉદાસી વિતાડતી નથી અને હવે એકલવાયું નથી લાગતું..."ઓગમેન્ટેડ રિયાલિટિ" હવે કાલ્પનિક નથી રહિ...અને હવે તારૂં હોવું એટલું આભાસી નથી રહ્યું...તારું બેસવું,ચાલવું,બોલવું અને તારૂં જવું.. , નવી રીતો છે...તારા પછી....અને હાં...તારા પછી દુખી થવાનિ એક ગુલાબી મજા પણ છે નવી રિતરસમોની આચારસંહિતા માં !

..જીંદગી ને રીફાઇન અને રિ-ડિફાઈન કરવાની એનિ પોતાનિ એક ટિસ છે હવે અને શું કામ કોઇને ચાહિ નાંખવાનિ એક જીદ હજુ જતી નથી તારા પછી ? , તારા પછી વ્યાખ્યાઓ બદલવાની પણ એક રીત હતી...જાગવાનિ , ઉંઘવાનિ, હસવાનિ,રડવાનિ,..પથ્થર, કાચ, અરિસો, વાળ, સાડી, ઝાડ, પાનાં, દરિયો,તળાવ, રસ્તો, લોકો, સમાજ, પતંગિયું..ફુલો... બધું જ હવે નવું છે...નવી રીતો છે...અને હવે આત્મહત્યા કરવાના વિચારો નથી આવી શકતાં, હવે જીવન ટુંકાવી નાંખવું અર્થહિન લાગે છે પણ હવે જીવન મનમોહક નથી રહ્યું અને હવે..મનમોહક શબ્દ પણ એ નથી રહ્યો જે પહેલાં હતો...ઉદાસ આંખો અને મોડી રાતના કે વહેલી સવારના સુના રસ્તાઓ સાથે એક આત્મિયતા જે બંધાઈ ગઈ છે , એની સાથે નિ જુગલબંધી અને તરન્નુમનો એ ધ્વનિ પણ તારા પછી તારા હોવાના વાઇબ્રેશનના નવા તરંગો છેડ્યા કરે છે.અને , હું હજુય , તારા પછી પણ બુધ્ધિમાં વિશ્વાસ કરું છું ,મારા બુધ્ધિશાળી હોવાના ભ્રમને આજેય પંપાળું છું અને રોજ હારૂં છું બુધ્ધિના તર્કબધ્ધ ખુલાસાઓનિ સામે...તારા પછી તારા નાદાન ભુતકાળની સામે હવે જીતવાનું મન નથી...હવે

જીતવાનિ વ્યાખ્યા અને રિતો પણ એવી જ નથી રહિ શકી.

હવે રોજ એક નવિ સવાર આવે છે અને રોજ એક નવિ બપોર એક સાંજ એક રાત્રી અને રોજ એક નવો અનુભવ લાવે છે...ભુતકાળના એક એક દિવસને હવે હું વર્તમાનના એક એક દિવસની સાથે સમાંતર જીવું છું..અને રોજ પોતાને ટોર્ચર કરું છું ભુતકાળની દરેકે દરેક વિગતો વડે, એ વરસાદ એ હવા એ ઉગાડેલા છોડ એ વર્ષગાંઠ એ નહિ ઉજવેલી ક્ષણો,અવાજો, તારું ગણગણવું મને યાદ રહિ ગયેલી ગઝલોની પંક્તિઓ ઉપર તારું ઓવારી જવું, મોડિ રાતની આપણી જુગલબંધી અને તને નહિ સમજાતાં મારા અગંડબગંડ લોજીકલ ખુલાસાઓ અને વાતો ,વિચારો અને કોઇ રહસ્યમય ઇશારા જેવા મારા હસવાને...મેં ફરી એ દિવસો જીવ્યા છે તારા પછી, ફરી એ વાતો કરી છે, ફરી એ જીવનને જીવ્યા કરું છું..અને રોજ ભટક્યા કરું છું મૃત્યુલોકમાં અંટવાઈ પડેલા કોઇ પ્રેતાત્માનિ જેમ !

હવે હું અલ્ટ્રાસોનિક અવાજોને સાંભળવા પ્રયત્ન કરતો રહું છું, તારિ હયાતીને રંગપટલના અદ્રશ્ય પટ્ટામાં શોધવા મંડું છું, હવાઓ અને સમયનિ આરપાર જોવાનિ માણસની મર્યાદાઓ મને રોજ અકળાવે છે, અને હવે એનાથી દુખી થવાની એક આદત પડી ગઈ છે..જાણી જોઇને દુખી થવું એ કદાચ હવે નિયતિ છે, હવે હું કદાચ ડહાપણની સિમાએ પહોંચી ગયો છું , જ્યાંથી પછી માત્ર બેફિકરાઈ હોઇ શકે,અર્થહિન અસ્તિત્વ હોઇ શકે અને તર્કવિહિન વિચારો હોઇ શકે. જ્યાંથી પાછા વળવું શક્ય ન હોય અને જ્યાં પહોંચવાનિ એક અદમ્ય ઇચ્છા બીજી તમામ ઇચ્છાઓને ખતમ કરી નાંખે છે..

હવે દુખની એક લાલાશ જોઈ શકાય છે અને તારી ગેરહાજરિનું દુખ , મારા સુખનિ વ્યાખ્યાઓથી વધારે રંગિન છે...તારા પછી હવે બિજા બધાં આયામો/ડાયમેન્શન દુર નથી લાગતાં..અને ...

..ખૈર, હવે કોઇ દુખી પણ કેટલું થઈ શકે..તારા પછી ? _નિખિલ શુક્લ

પ્રેમ એટલે હોવાનો ઉત્સવ ! _મેહુલ પટેલ

....અને અહિં મહોબ્બતનામા – સમાપ્ત થાય છે !

તમે શું અનુભવ્યું કે ગમ્યું કે ના ગમ્યું કે ગમે તે જણાવી શકો છો, નીચે આપેલી લીંક – સાતત્ય – ઉપર !

અમારી અભિવ્યક્તિ/વિચારો  તમારી સાથે વહેંચવાની ખુબ મઝા આવી , ગમ્યું. અને આનંદ છે કે.... માતૃભાષા ગુજરાતીને ટાઇપ કરવાનું શિખતાં શિખતાં અમે અહિં – મહોબ્બતનામા – સુધી પહોંચી શકયા.

..ભવિષ્યમાં ફરી આવો કોઇ ખાસ-અંક બહાર પાડી શકીશું કે નહિ..ખબર નથી..પણ ઇચ્છા જરૂર છે. જોઇશું...જીવન અને એના અનંત આયામો ક્યાં પહોંચાડે છે !

..અત્યારે તો ખૈર, રુખસદ આપો...માતૃભાષાનો નશો ઉતરતાં વાર લાગે છે , આમપણ !

_નિખિલ શુક્લ

http://www.saatatya.co.in

# મહોબ્બતનામા..

મહાન સંસ્કૃતિઓ બને છે,વિકસે છે અને નામશેષ થાય છે..ભાષાઓ પણ બદલાય છે,વિકસે છે,ભુલાઇ જાય છે. બાકી રહે છે માત્ર અભિવ્યક્તિઓ..મિસરના પિરામીડો થી હોમોઇરેક્ટસની નિશાનીઓ સુધી , દફન થઈ ગયેલા શહેરોથી લઈને અજંતા-ઇલોરાની કળાકૃતિઓ સુધી,અને આજે રેડિયોએક્ટિવ કચરાને દફનાવતી વખતે આવનારી પેઢીઓ માટે આપણે પણ ક્યાં કોઇ ભાષાઓ વાપરીએ છીએ ?! ..અભિવ્યક્તિઓની કોઇ ભાષા નથી હોતી ! ..અને/પણ માતૃભાષા જેવી કોઇ અભિવ્યક્તિ પણ ક્યાં હોય છે ! અને માતૃભાષા બોલવા માટે કોઇ છંદ નથી જોઇતા હોતા,કોઇ રુલબુક નથી હોતી, બિજી કોઇ સાડાબારીઓ નથી હોતી. માતૃભાષા જીવાતી હોય છે !

...મહોબ્બતનામા....સાતત્યના આ પ્રયત્ન માટે મિત્રો/ઓળખિતાંઓ અને જે મિત્રો પણ નથી અને હું ઓળખતો પણ નથી એવા બધાંનો સહકાર / પ્રતિસાદ ખરેખર સારો મળ્યો છે..અને ખુશી છે આનંદ છે એ વાતનો..અને ક્યાંક વિસરાઇ ગયેલા પેલા જુના સાતત્યનો અવસાદ પણ છે અને આમ પણ છે અને તેમ પણ છે...અને ...ઠીક છે...સુબહ હોતી હે શામ હોતી હે..ઝિંદગી યુંહિ તમામ હોતી હે...!!

..અને આકાશગંગાઓના સર્જન-વિસર્જનને નજરે નિહાળવાનિ કોઇ અદ્દ્ન્યવી ઇચ્છાઓની જેમ એક ઇચ્છા છે કે કદાચ ક્યારેક "સાતત્યનામા" બની શકે , માતૃભાષા ગુજરાતીને નામ..જેમાં માણસના રંગસુત્રોની જેમ વિવિધતા હોય,મોકળાશ હોય..અભિવ્યક્તિની. ખુદા ખેર કરે ! ;) _નિખિલ શુક્લ